**સુવિચાર**

ત્રીજા ફટકે શ્રીફળ તૂટે તો એનો અર્થ એ નથી કે પહેલા બે ફટકા નિષ્ફળ ગયા... જીવનમાં પણ બસ આ જ નિયમ લાગુ પડે છે.

:: સૌજન્ય ::

નિલકંઠ જવેલર્સ (લાઠીવાળા)
માણેકપરા, અમરેલી.
ફોન : ૦૨૭૯૨-૨૨૩૫૫૭

પાના ૦૮ : કિંમત રૂા. ૩.૦૦
તા. ૦૨/૦૫/૨૦૨૫, શુક્રવાર
ફોન : ૨૨૮૪૨૨
www.amreliexpress.com

સત્યમ શિવમ્ સુંદરમ્
AMRELI EXPRESS DAILY

R.N.I.NO.GUJGUJ/2001/11803
Postal Reg.No. AMR/217/2024-26
E-Mail : amreliexpress7@gmail.com

જિલ્લાનાં આમઆદમીનું અખબાર

# અમરેલી એક્સપ્રેસ

અમરેલી, લાઠી, લીલીયા, દામનગર, બાબરા, સાવરકુંડલા, ધારી, ચલાલા, બગસરા, ખાંભા, રાજુલા, જાફરાબાદ, ઉના, કુંકાવાવ, વડિયા, વીજપડી પંથકમાં બહોળો ફેલાવો ધરાવે છે.

SINCE 1999
હરિૐ PENDAWALA
નો સુગર
ઓન્લી હની
શિખંડ
ન્યુ એસ.ટી.બસ સ્ટેન્ડ કોમ્પ્લેક્ષ, દુકાન નં.૯,અમરેલી,મો.8999990099

તંત્રી,પ્રકાશક,માલિક : મનોજ એચ. રૂપારેલીયા, કાર્યાલય : જીલ્લા મધ્યસ્થ બેન્ક પાછળ, અમરેલી : મુદ્રણ સ્થાન : આજકાલ પ્રિ.પ્રેસ રજપુતપરા, શેલ પેટ્રોલ પંપ પાછળ રાજકોટ ખાતેથી છપાવી અમરેલી એક્સપ્રેસ કાર્યાલયથી પ્રસિધ્ધ કર્યું. : વિક્રમ સવંત ૨૦૮૧ વૈશાખ સુદ-૫ વર્ષ : ૧૬ અંક : ૧૨૦

## પાલિકા કચેરીથી ૩૦૦ થી ૪૦૦ મીટર દૂર દિ'ઉગેને દબાણ વધે છે

# અમરેલીનાં ગાંધીબાગ નજીકની ફૂટપાથ ઉપર વ્યાપક દબાણ

**શહેરીજનોને ચાલવા માટે બનાવવામાં આવેલ ફૂટપાથ ઉપર વિના રોકટોક થતાં દબાણને દૂર કરો**

**અમદાવાદમાં જે રીતે લાખો મીટર જમીન છુટી કરાવાઈ તેવી જડબેસલાક કામગીરી શરૂ થવી જરૂરી**

**શહેરમાં સાર્વજનીક ફૂટપાથ, માર્ગો, જમીન ઉપર વ્યાપક દબાણ છતાં તંત્ર નિંદ્રાધીન**

**સૌનો સાથ અને સૌનો વિકાસ સુત્ર ખરા અર્થમાં ભાજપ શાસિત પાલિકાએ સાર્થક કરવું જોઈએ**



અમરેલી, તા. ૧

અમરેલી શહેરમાં જાણે કે અંધેર તંત્ર ચાલતું હોય તેવી અનેકવિધ ગતિવિધિઓ જોવા મળી રહી છે. જાહેર જમીન ઉપર દબાણો કરો, ગમે તે સ્થળે વાહન પાર્ક કરો, રખડતા પશુઓ, બંધ સ્ટ્રીટલાઈટ, ખાબડ-ખુબડ માર્ગો સહિતની અગણિત સમસ્યાઓથી શહેરીજનો તોબા પોકારી ચુકયા હોવા છતાં પાલિકા કે લાગતા-વળગતા વિભાગને કોઈ ચિંતા જોવા મળતી નથી.

અમરેલીની પાલિકા કચેરી આસપાસ જ ફૂટપાથ પર દબાણ હોવાનું જોવા મળી રહ્યું છે. પાલિકા કચેરીની દીવાલ ઉપરાંત ૩૦૦થી ૪૦૦ મીટર દૂર ગાંધીબાગ અને ગર્લ્સ હાઈસ્કૂલની દીવાલ અને સામે આવેલ ફૂટપાથ ઉપર ફેરિયાઓએ કબ્જો જમાવી દીધો છે અને ત્યાં આવતાં ગ્રાહકો તેમનું બાઈક કે કાર માર્ગ ઉપર પાર્ક કરે એટલે અન્ય વાહનોને પસાર થવામાં મુશ્કેલી થઈ રહી છે. અવારનવાર અકસ્માતની ઘટના બને છતાં પાલિકા કે ટ્રાફિક વિભાગને કોઈ ચિંતા નથી.

અમરેલી શહેરમાં ગોળીબારનાં ટેકરાથી લઈને ગાયત્રી મંદિર આસપાસ, સિવિલ હોસ્પિટલની સામે, નદીકાંઠા વિસ્તારમાં પણ વ્યાપક પ્રમાણમાં દબાણ હોવા છતાં પણ જવાબદારતંત્ર સબ સલામતનાં ગાણા ગાઈને સંતોષ માની રહ્યું છે.

## ગુણાતીતનગરમાં રહેતા એક ઈસમનું કારસ્તાન

# અમરેલીમાં રહેતી એક તરૂણીની શારિરીક છેડતી કરી ધમકી આપી

**સ્થાનિક પોલીસે ગુન્હો નોંધી તપાસ આદરી**

અમરેલી, તા.૧

અમરેલીમાં રહેતા અને ભંગારનો ધંધો કરતાં આરોપી વિકી ભનુભાઈ વારવડીયા હાલ અમરેલીમાં રહેતી એક ૧૩ વર્ષની પરપ્રાંતિય તરૂણીના પિતાના મિત્રનો દિકરો થતો હોય જેથી આરોપી તરૂણીના ઘરે અવાર-નવાર આવતો જતો હોય, જેથી તરૂણીના પરિવારને આરોપી સાથે પારીવારીક સંબંધ હોય, તે સંબંધોનો ગેરલાભ લઈને આરોપી છેલ્લા પંદરેક દિવસથી ભોગબનનાર તરૂણી સાથે ફ્રેન્ડ તરીકે પરિચય કેળવી તરૂણીના શરીર ભાગે હાથ ફેરવી, કિસ તથા રોમાન્સ કરી આરોપીએ તરૂણીને ફરવા લઈ જવાના બહાને તરૂણીના પિતાના વાલીપણામાથી અપહરણ કરી લઈ જઈ જાતિય સતામણી કરતા તરૂણી રડવા લાગતા જેથી તરૂણી રડશે કે બૂમો પાડશે તો આરોપી તેને મારવાની તથા છોડીને જતા રહેવાની ધમકી આપ્યાની પોલીસમાં ફરિયાદ નોંધાતા પોલીસે ધોરણસર કાર્યવાહી હાથ ધરેલ છે.

## અમદાવાદથી બાબરા તરફ આવતાં કાનપર નજીક કારનો બુકડો બોલી ગયો

# બાબરાનાં એક જ પરિવારનાં ત્રણ સભ્યોનું માર્ગ અકસ્માતમાં મોત થતાં અરેરાટી વ્યાપી

**૨૪ કલાકમાં ૩ અર્થીઓ ઉઠતા સૌ કોઈની આંખમાં અશ્રુ**







બાબરા, તા. ૧

બાબરામાં ખાખરીયા માર્ગ પર પાટીદાર જીનિંગનો વ્યવસાય કરતા જીતુભાઈ ભુપતભાઈ બોરચાણીયા (પાટીદાર)નો પરિવાર અમદાવાદ રહેતો હોય અને આગામી રવિવારમાં રોજ પુત્રના ઘરે પારણું બંધાવવાનું હોય તેની ખુશી પરિવાર હોવાથી પરિવાર અમદાવાદથી બાબરા આવતા હતા ત્યારે માર્ગમાં કાળનો ભેટો થતા પરિવાર હતો નહતો થઈ ગયો.

બનાવની વિગત અનુસાર જીતુભાઈ પાટીદારના પિતા ભુપતભાઈ (ઉ.વ. ૮૦) તેમજ પુત્ર જય જીતુભાઈ (ઉ.વ. ૩૦) અને પુત્રવધુ એકતા જયભાઈ (ઉ.વ.૨૮) તા. ૩૦/૪/૨૫ના રોજ અમદાવાદ સ્થિત પોતાના ઘરેથી કાર લઈ બાબરા રવાના થયા હતા. ત્યારે સાંજના ચારથી પાંચ વાગ્યાની આસપાસ અહીં ભાવનગર જિલ્લાના કાનપર નજીક માર્ગ અકસ્માતમાં કારનો બુકડો બોલી જતા ભુપતભાઈનું

અનુસંધાન પાના ૬ ઉપર

## રાજસ્થાનમાં અજમેરમાં આવેલ હોટેલમાં આગ લાગતા

# લાઠીનાં મુસ્લિમ પરિવારનાં પતિ, પત્ની અને પુત્રનાં આગની લપેટમાં આવી જતા મોત થયા

**સમગ્ર પંથકમાં મોતની ઘટનાને લઈને શોકનો માહોલ**

અમરેલી, તા. ૧

રાજસ્થાનમાં આવેલ અજમેરની હોટલમાં આગ લાગવાનો મામલો સામે આવ્યો છે. ત્યારે આ આગમાં અમરેલી જિલ્લાના લાઠી ગામે રહેતા એકજ મુસ્લિમ પરિવારના પતિ, પત્નિ અને માસુમ પુત્ર આગની લપેટમાં આવી જતાં ત્રણેયના દાજી જવાના કારણે મોત થયા હતા.

આ બનાવમાં સૂત્રોમાંથી મળતી વિગત મુજબ અમરેલી જિલ્લા લાઠી ગામે રહેતા અને મેઈન બજારમાં રોયલ ચશ્માની દુકાન ધરાવતા અલ્ફેઝભાઈ હાઢંનભાઈ નૂરાની તેમનાં પત્નિ સબનમબેન તથા પુત્ર અરમાન સાથે ગત રવિવારે લાઠીથી અમદાવાદ ગયા હતા. અને ત્યાંથી બુધવારે અજમેર



દર્શને કરવા માટે ગયેલા હતા. અને તેઓ આજે જ રાત્રે અજમેરથી નીકળી જવાના હોય, પરંતુ કુદરતે કંઈક અલગ

અનુસંધાન પાના ૬ ઉપર

૨૨ કેરેટ હોલમાર્ક દાગીના નો ભાવ
84,100/-
(૧૦ ગ્રામ)
રહેલ તા. ૦૧/૦૫/૨૦૨૫ ના રોજ
હોલમાર્ક દાગીનાનો ભાવ જાણવા માટે વોટ્સઅપ ડીપી જોવો
63549 73131
બાલમુકુંદ જવેલર્સ પ્રા.લી.
એ-૧૯, ઈન્દીરા માર્કેટ, અમરેલી,
કસ્ટમર કેર નંબર : ૬૩૫૨૪ ૩૧૩૬૬

## સંસ્થા દ્વારા બીજી જાહેરાત ન થાય ત્યાં સુધી

# અમરેલીનાં માર્કેટયાર્ડમાં કપાસ અને મસાલાની હરરાજીનું કામકામ બંધ રહેશે

**જણસી લાવતાં પહેલા સંસ્થાનો સંપર્ક કરવો**

અમરેલી, તા. ૧

અમરેલી માર્કેટયાર્ડમાં પોતાની ખેત જણસ વેચવા આવતા દરેક ખેડૂતભાઈઓને, વાહનધારકોને જણાવવાનું કે, તા.૨/૫/૨૦૨૫ને શુક્રવારથી અમરેલી માર્કેટયાર્ડમાં કપાસ તથા મસાલો (ધાણા, જીરૂ, અજમા, ઈસબગુલ, રાય, રાયડો, મેથી, ગમગુવાર, રાજગરો, સુવાદાણા, વરીયાળી, કાંગ, ગાજર બી, રજકા બી, સુર્યમુખી વગેરે)ની હરરાજીનું કામકાજ સંસ્થા દ્વારા બીજી સત્તાવાર જાહેરાત કરવામાં ન આવે ત્યાં સુધીનાં સમયગાળા માટે બંધ રહેશે. જેથી ખેડૂતભાઈઓ તથા વાહનધારકોએ ઉપરોકત જણસી લાવતાં પહેલાં આપના કમીશન એજન્ટ અથવા સંસ્થાની ઓફીસમાંથી જાણકારી મેળવ્યા બાદ જ ઉપરોકત જણસીઓ લઈને આવવા અનુરોધ કરવામાં આવે છે. તેવું બજાર સમિતિનાં સેક્રેટરી તુષારભાઈ હપાણીએ એક અખબાર યાદીમાં જણાવેલ છે.

# અમરેલી ખાતે પી.પી. સોજીત્રા ફાઉન્ડેશન દ્વારા વિદ્યાર્થીઓ માટે રાહતદરે ચોપડાનું વિતરણ શરૂ કરવામાં આવ્યું



અમરેલી પી. પી. સોજીત્રા ફાઉન્ડેશન દ્વારા વિદ્યાર્થીઓ માટે રાહતદરે ચોપડા વિતરણ શરૂ કરવામાં આવ્યું અમરેલી નાગરિક સહકારી બેંક લી. તથા ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિના ડાયરેકટર પી. પી. સોજીત્રા કે જેઓ સમાજ ઉપયોગી કાર્યો માટે સદા અગ્રેસર રહેલ છે. જેમણે અમરેલી જિલ્લાના નબળા અને જરૂરીયાત મંદ બ્રિલીયન્ટ વિદ્યાર્થીઓ કે જેઓની આર્થિક પરિસ્થિતી નબળી હોવાને કારણે આગળ વધી શકતા ન હોય તેવા વિદ્યાર્થીઓને મદદરૂપ થવા માટે પી.પી. સોજીત્રા દ્વારા પી.પી. સોજીત્રા ફાઉન્ડેશનની રચના કરેલ છે. આ અંતર્ગત આજરોજ તારીખ : ૧/૫/૨૦૨૫ને ''ગુજરાત સ્થાપના દિવસે'', અમરેલી નાગરિક સહકારી બેંક લી., કેરીયા રોડ, અમરેલી ખાતે વિદ્યાર્થીઓને (૫૬–નકોલ ચાર્ટ વ્હાઈટ પેપર, ૨૯.૫×૨૦.૫ સે.મી.ના ફુલ સાઈઝના) ૧,૦૦,૦૦૦ નંગ ઉત્કર્ષ કવોલીટીના પુસ્તકો વ્યાજબી દરે મળી રહે તે હેતુથી રાહતદરે ચોપડા વિતરણ દિલીપભાઈ સંઘાણી, ચેરમેન ઈફકો, પી.પી.સોજીત્રા, ફાઉન્ડર, પી.પી. સોજીત્રા ફાઉન્ડેશન, ભરતભાઈ કાનાબાર, પ્રમુખ, લોહાણા સમાજ, જયેશભાઈ નાકરાણી, ચેરમેન, અમરેલી નાગરિક સહકારી બેંક લી. તથા શૈલેષભાઈ સંઘાણી, મેનેજીંગ ડિરેકટર, અમરેલી નાગરિક સહકારી બેંક લી. તેમજ અમરેલી નાગરિક સહકારી બેંકના તમામ ડિરેકટરઓના વરદ્દહસ્તે ખુલ્લુ મુકવામાં આવેલ છે.

આ તકે પી. પી. સોજીત્રાએ અનુરોધ કરેલ છે કે આવા સારા ગુણવતાસભર ચોપડાઓ આવી મોંઘવારીમાં ખરીદતા પહેલા સામાન્ય વર્ગનો માણસ વિચાર કરે છે ત્યારે આવી ઉચ્ચ ગુણવતાવાળા ચોપડાઓ પી.પી. ફાઉન્ડેશન દ્વારા નહી નફો– નહી નુકશાનના ધોરણે વિતરીત કરી નાનામાં નાના માણસ ખરીદી કરી શકે તેવા વ્યાજબી દરે વેચાણ કરી રહયા છીએ.

## લીલીયા પોલીસ સ્ટેશનના પી.આઈ. આઈ.જે. ગીડા દ્વારા શંકાસ્પદ પરપ્રાંતિય મજૂરોની તપાસ કરાઈ



લીલીયા, તા. ૧

તાજેતરમાં થયેલ કાશ્મીરના પહેલગામમાં થયેલ આતંકવાદી હુમલા અંગે તકેદારીના ભાગરૂપે લીલીયા પોલીસ સ્ટેશન દ્વારા પોલીસ અધિક્ષકની સૂચના મુજબ લીલીયા પોલીસ સ્ટેશન ઈનચાર્જ પી.આઈ આઈ.જે. ગીડા તથા પોલીસ સ્ટાફ દ્વારા લીલીયા પોલીસ સ્ટેશન વિસ્તારમાં રહેતા શંકાસ્પદ લોકોની ચકાસણી કરવા અંગેની ડ્રાઈવ યોજાઈ ડ્રાઈવ દરમિયાન ટાઉન તથા આજુબાજુના વિસ્તારમાં બહારના પરપ્રાંતીય મજૂરી કરતા ઈસમોને ચેક કરી તેઓના ડોક્યુમેન્ટ તથા કોલ હિસ્ટ્રી તેમજ સોશિયલ મીડિયા એકાઉન્ટ ચેક કરી શંકાસ્પદ હીલચાલ અંગે ચકાસણી કરી અને કોઈ શંકાસ્પદ ઈસમ હોય તો કાયદેસર કાર્યવાહી કરવા અંગે કામગીરી કરવામાં આવેલ તેમજ લીલીયા રેલવે સ્ટેશન ખાતે પણ આવતી ટ્રેનોમાં મુસાફરી કરતા લોકોને ચેક કરી તેઓના આઈ.ડી પ્રુફ આધારકાર્ડ વગેરે ડોકયુમેન્ટ તપાસવાની કામગીરી હાથ ધરવામાં આવેલ તથા લીલીયાના ગોઢાવદર ખાતે આવેલ પીજીવીસીએલ કચેરી સામેના ભાગે ભંગાર તથા પ્લાસ્ટિકના ડેલા ઉપર કામ કરતા મજૂરોને ચેક કરવામાં આવેલ તેમજ અન્ય લોકોને પણ આ ડ્રાઈવ દરમિયાન ચેક કરવામાં આવેલ અને બહારના મજૂરોની હિલચાલ ઉપર સતત વોચ રાખવાની કામગીરી હાથ ધરવામાં આવેલ તેમ ઈમરાન પઠાણની અખબારી યાદીમાં જણાવેલ છે.

### કાળઝાળ ગરમીમાં પશુ–પક્ષીઓના હિતમાં

## દામનગરમાં સેવાભાવી સંસ્થાઓ દ્વારા પાણીની ટાંકીનું વિતરણ કરવામાં આવ્યું

### દરેક પરિવારને પાણીની ટાંકી પાણીથી ભરવા અનુરોધ



દામનગર, તા.૧

દામનગર શહેરમાં પાંચથી વધુ સ્થળો ઉપર જીવદયાપ્રેમી દાતાઓના આર્થિક સહયોગથી મુક પશુ પક્ષી ઓ માટે પીવાના પાણીની ટાંકી વિતરણ કરાય હતી શક્તિ પીઠ ગાયત્રી મંદિર શ્રીમતિ નર્મદાબેન માધવરાય સવાણી પ્રાથમિક શાળા સ્વામી વિવેકાનંદ પ્રાથમિક શાળા સહિતની સંસ્થા મારફતે શહેરના ઉદારદીલ દાતાઓના આર્થિક સહયોગથી વિના મૂલ્યે મીની અવેડા વિતરણ કરાય હતા દરેક વ્યક્તિ પોતાના આંગણ પાસે શેરી બજારમાં માત્ર દૈનિક એક ડોલ પાણી નાખી ઘર આંગણે પરમાર્થ કરી શકે મુક પશુ પક્ષીઓના કંઠ લીલા રાખવા યુવાનો દ્વારા જીવદયાનું નાનું પણ સુંદર કાર્ય કરાયું છે જે પરિવાર પશુ પક્ષીના કુંડી ભરશે તેનું આગામી દિવસોમાં શ્રી ભુરખિયા હનુમાનજી મંદિર ટ્રસ્ટ દ્વારા આકર્ષક સન્માન પત્ર અર્પિ સન્માન કરાશે.

## સાવરકુંડલા પોલીસ દ્વારા વ્યાજખોરીનું દુષણ ડામવા લોક દરબાર યોજાયો



સાવરકુંડલા, તા. ૧

સાવરકુંડલા શહેર પોલીસ મથકમાં ગઈકાલ તારીખ ૩૦/૪/૨૫ના સાંજે છ કલાકે વ્યાજખોરી વિરૂધ્ધમાં એક લોક દરબારનું આયોજન કરવામાં આવ્યું હતું વિભાગીય પોલીસ અધિક્ષક વલય વૈદ્યની અધ્યક્ષતામાં યોજાયેલા આ લોક દરબારમાં મોટી સંખ્યામાં, વેપારીઓ અને શહેરીજનો ઉપસ્થિત રહ્યા હતા જેમાં એ.એસ.પી. વલય વૈદ્યે વ્યાજખોરો વિરૂધ્ધ પોલીસતંત્ર દ્વારા લેવામાં આવતા પગલાં વિશે વિસ્તૃત જાણકારી અને કાયદાકીય સમજ આપી હતી અને કોઈ પણ લોકો ગેરકાયદે ધીરધાર કરનાર વ્યાજખોરો થી પીડિત હોય, ધાકધમકી મળતી હોય કે અન્ય કોઈ પ્રકારે બળજબરી નો ભોગ બનેલા હોય તો નીડરપણે પોલીસ તંત્રનો સંપર્ક સાધવા જણાવ્યું હતું અને આવી ફરિયાદ મળે ફરિયાદીનું નામ ગુપ્ત રાખી આરોપીઓ સામે કડકમાં કડક પગલાં લેવા ખાતરી આપી હતી ઉપરાંત સરકાર દ્વારા જરૂરિયાતમંદ લોકોને આપવામાં આવતી વિવિધ સહાય જેવી કે મુદ્રા લોન, પી.એમ. આવાસ યોજના, મહિલાઓ માટે સખીમંડળ યોજના વગેરે યોજનાની માહિતી આપી નાણાકીય જરૂરિયાત ઊભી થાય તો આવી સરકારી સહાયનો લાભ લેવા અને જરૂર જણાય તો બેંકોમાંથી લોન લેવા અનુરોધ કર્યો હતો જેથી ભવિષ્યમાં ધીરધાર કરનારા તત્વોનો ભોગ બનવું ન પડે આ લોક દરબારમાં એ એસ પી વલય વૈદ્ય, પી.આઈ. કુગસિયા, પી એસ.આઈ. ગલચર ઉપસ્થિત રહ્યા હતા અને શહેરીજનોને માર્ગદર્શન આપ્યું હતું અને ભવિષ્યમાં પણ જયારે જરૂર જણાય ત્યારે પોલીસ તંત્ર પીડિત લોકોના સહકારમાં હોવાની ખાતરી આપી હતી.

### સેવા ગૃપનાં યુવાનો દ્વારા

## દામનગરથી ભુરખિયા સુધી સિમેન્ટની કુંડીઓ મુકવામાં આવી



દામનગર, તા.૧

દામનગર થી લાઠી તરફ જતા સ્ટેટ ના હાઈવે ની બંને તરફ મુક પશુ પક્ષીઓના કંઠ ભીના રાખતું પરમાર્થ કરતા યુવાનો દ્વારા મુકાયેલ કુંડીઓ ભરવા માટે સદભાવના વૃદ્ધાશ્રમ ટીમ ના ટ્રેકટરો દ્વારા વૃક્ષોને પાણી આપતા સમયે દરેક કુંડીઓ ભરવાના ભગીરથ કાર્યમાં સહયોગ પ્રાપ્ત થયો સદભાવના હોય ત્યાં સહકાર મળી જ રહે અબોલ જીવો માટે આ નાનું પણ નાવીન્ય પરમાર્થ અબોલ જીવો મુક પશુ પક્ષી ઓ માટે કાળજાળ ગરમીના ધોમધખતા તાપમાં શીતળ છાયા રૂપ બની રહ્યું છે દામનગરના ભુરખિયા દર્શને જતા શ્રધ્ધાળુ ભાવિકોના માર્ગદર્શનથી સેવા ગ્રુપ દામનગર દ્વારા સદવિચારને તુરંત ક્રિયાશીલ બનાવતા યુવાનો દ્વારા રાત્રિ એજ રસ્તાની બંને તરફ મીની અવેડા સિમેન્ટ કુંડીઓ મુકવાનો સેવા ગ્રુપ દામનગર ટીમ દ્વારા પ્રારંભ કરાયો હતો.

### સ્થાનિક સ્પે. પોકસો કોર્ટમાં કેસ ચાલી જતા

## ધારીનાં નાગેશ્રી ખાતે થયેલ પોકસો એકટનાં ગુન્હાનાં આરોપીનો નિર્દોષ છુટકારો

### એડવોકેટ વનરાજ એ. વાળાની દલીલો સફળ રહી

ધારી, તા. ૧

ધારીનાં નાગેશ્રી ગામે થયેલ પોકસો એકટનાં ગુન્હાનાં આરોપીનો નિર્દોષ છુટકારો થયો છે.

પ્રાપ્ત માહિતી અનુસાર ગત તા. ૩૦/૬/૨૦૧૯ના રોજ ચલાલા પોલીસ સ્ટેશન ગુન્હા નં ૧/૧૮/૨૦૧૯ના કામે આઈ.પી.સી. ૩ ૩૭૬ (જે) ૩૭૨, ૧૨૦ (બી), ૧૧૪, પી.ઓ.સી.એસ.ઓ. કલમ ૪,૮ તથા અનૈતીક વેપાર પ્રતિબંધ અધિનિયમ ૧૯૫૬ની કલમ ૫ તથા એટ્રોસિટી એકટની કલમ ૩(૨) (૫), ૩(૧), આર. ડબલ્યુ (૧) (૨) અન્વયેનો ગુન્હો ફરીયાદી દ્વારા દાખલ કરવામાં આવેલ હતો. તે ગુન્હાના કામે આરોપી નં (૧) છગનભાઈ બઘાભાઈ દાફડા તથા તેમના પત્ની આરોપી નં (૨) સવિતાબેન છગનભાઈ દાફડા તથા આરોપી નં (૩) સુરાભાઈ સાદુળભાઈ સાડગરા તથા આરોપી નં (૪) ગોરધનભાઈ છગનભાઈ જીયાણીને આ કામે અટક કરી સ્પે પોકસો કોર્ટમાં રજુ કરેલ હતા.



સદર ગુન્હાની તપાસ પુર્ણ થતા ચલાલા પોલીસ દ્વારા નામ સ્પે. પોકસો કોર્ટમાં આ કામના આરોપીઓ વિરૂધ્ધ ચાર્જશીટ તૈયાર કરી ''પોકસો કેસ નં. ૪૦/૨૦૨૨થી'' દાખલ કરવામાં આવેલ.

જે કેસમાં આરોપીને ૨,૩ તથા ૪ને સ્પે પોકસો કોર્ટ દ્વારા જામીન મુકત કરવામાં આવેલ હતા. જયારે આરોપી નં. ૧નો સમગ્ર કેસ અંડર ટ્રાયલ ચાલેલો હતો. આરોપી નં ૧ સાડા પાંચ વર્ષની જેલમાં હતા. જયારે કેસના ચાલુ કામે આરોપી નં (૩) સુરાભાઈ સાદુળ ભાઈ સાડગરાએ ગુજરાત હાઈકોર્ટમાં કોશીંગ સરજ દાખલ કરેલ હતી. જેમાં ગુજરાત હાઈકોર્ટ દ્વારા આરોપી નં. (૧), (૨) તથા (૪) સામે પોકસો કેસ નં. ૪૦/ ૨૦૨૨થી કેસ ચાલી જતા કસમાં રજુ થયેલા પુરવાનું મુલ્યાંકન તથા બચાવપક્ષના વકિલની રજુઆતો અને કેસને લગત થયેલ દલીલોના આધારે ધારીના ત્રીજા સ્પે. પોકસો જજ સાહેબ આરોપી નં (૧), (૨) તથા (૪)ને નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ તા. ૩૦/૪/૨૫ના રોજ કરેલ છે. જેમાં આરોપી નં. (૧) તથા (૨) તર્ફે સિનિયર એડવોકેટ વનરાજ એ વાળાની લીગલ એડવોકેટ તરીકે જીમણુંક થયેલ હતી. તેમની ધારદાર દલીલો અને કાયદાની સુજબુજને નામ ત્રીજા સ્પે. પોકસો જજ ધારીનાએ ધ્યાને આરોપીઓને નિર્દોષ છોડી મુકવાનો હુકમ કરેલ છે.

## ચિતલમાં શહીદોને શ્રધ્ધાજંલિ આપવાનો કાર્યક્રમ યોજાયો

ચિતલ, તા. ૧

ચિતલ વિશ્વ હિન્દુ પરિષદ દ્વારા ચિતલ સ્વામીનારાયણ ગુરૂકુળમાં કાશમીરના પહેલગામમાં ધર્મ આધાર પર નિર્દોષ નાગરીકો ઉપર કરવામાં આવેલ કાયરતા પૂર્વકના હુમલામાં અનેક નિર્દોષ નાગરીકો શહીદ થયા. આ દુઃખદ ઘટનામાં વિર શહીદોને શ્રધ્ધાંજલિ આપવા મોટી સંખ્યામાં ચિતલ જશવંતગઢના ગ્રામજનો તથા આગેવાનો ઉપસ્થિત રહી રામધુન, પ્રાર્થના તથા મૌન પાળી શહીદોને પુષ્પાંજલિ અર્પિત કરી. શ્રધ્ધાંજલિ આપવામાં આવી. આગેવાનો દ્વારા ઘટનાના વિરોધમાં પાકિસ્તાન તથા આતંકવાદ સામે કડક કાર્યવાહી કરવા માટે અપીલ કરવામાં આવી.

આ કાર્યક્રમમાં ઈતેશભાઈ મહેતા, પ્રમુખ વિ.હી.પ તથા વિજયભાઈ દેશાઈ ઉપાધ્યક્ષ વિ.હી.પ તથા ડો. પંકજભાઈ ત્રિવેદી, જીલ્લા કોષાધ્યક્ષ ગુરૂકુળના મદનમોહનસ્વામીજી, જીલ્લા પંચાયત ઉપપૂમુખ સુરેશભાઈ પાથર, કાળુભાઈ ધામી, ભાજપ આગેવાન મનસુખભાઈ નાડોદા તથા જીલ્લા વિ.હી.પ ટીમ દિલીપસિંહ પરમાર, મહેશભાઈ જળુ, લાલભાઈ ટાંક, બિપીનભાઈ ઉનાગર તથા રઘુભાઈ સરવૈયા, રમેશભાઈ સોરઠીયા, સંજયભાલ લીંબાસીયા, વિ.ડી. લીંબાસીયા, બિપીનભાઈ દવે, સુખદેવસિંહ સરવૈયા, જયંતીભાઈ દેસાઈ, વિપુલભાઈ જોષી, પ્રવિણભાઈ તેરવાડીયા, રવજીભાઈ મકવાણા, હસુભાઈ ધાનાણી, સુરેશભાઈ તળાવીયા, મનુભાઈ અસલાલીયા, જે.કી. માંગરોળીયા, મનસુખભાઈ માંગરોળીયા, વિનુભાઈ દેસાઈ, સુરજભાઈ પરમાર, જયેશભાઈ ભીમાણી, દિનેશભાઈ કચ્છી, ચંદ્રેશભાઈ કચ્છી, શંકરભાઈ પટેલ, જગુભાઈ મોદી, ભાનુભાઈ રાતડીયા, કિરણભાઈ રાતડીયા, મહેશભાઈ વાળા, દાહુડી વોરા સમાજ માંથી મોહિજભાઈ ભારમલ, રજબભાઈ, શાંતિભાઈ ધંધુકીયા, નાગજીભાઈ ધંધુકીયા, રાકેશભાઈ પંડયા, પ્રતિકભાઈ દાવડા, કલ્પેશભાઈ સંઘાણી, આશિષભાઈ હિરાણી, પ્રવિણભાઈ ડાભી, લાભુભાઈ ચિત્રોડા, વલ્લભભાઈ મેશીયા, હરિભાઈ દેસાઈ, વરૂણભાઈ પરમાર, અરવિંદભાઈ મેશીયા, નંદાભાઈ મેશીયા તથા મોટી સંખ્યામાં ગ્રામજનો ઉપસ્થિત રહ્યા.

આ સમગ્ર કાર્યક્રમનું આયોજન ચિતલ જશવંતગઢ વિશ્વ હિન્દુ પરિષદ જીલ્લા ઉપાદયક્ષ વિજયભાઈ દેસાઈ, રમેશભાઈ સોરઠીયા, સંજયભાઈ લીંબાસીયા તથા સમગ્ર ટીમ આ કાર્યકમનું સંચાલન જીલ્લા ભાજપ આગેવાન મનસુખભાઈ નાડોદા દ્વારા કરવામાં આવ્યું હતું.

# લાપાળિયાના મહોત્સવમાં વિષ્ણુયાગ રકતદાન, સર્વરોગ નિદાન કેમ્પ યોજાયા



અમરેલીના લાપાળિયા ગામે ચાલી રહેલા ભવ્ય રામજી મંદિર પ્રાણપ્રતિષ્ઠા મહોત્સવમાં બીજા દિવસે વિષ્ણુયાગ, સર્વ રોગ નિદાન કેમ્પ, સ્વૈચ્છિક રકતદાન કેમ્પ સહિતના કાર્યક્રમો યોજાયા હતા. ખોડલધામ સમિતિના સભ્યો તથા રાજકીય મહાનુભાવોએ મુલાકાત લીધી હતી. અમરેલીના લાપાળિયામાં ગામ સમસ્ત દ્વારા રૂ.૧.૫૦ કરોડના ખર્ચે જીર્ણોદ્ધાર કરવામાં આવેલા રામજી મંદિરમાં ત્રિદિવસીય ભવ્ય પુનઃ પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવનો આરંભ થયો છે. કાર્યક્રમના બીજા દિવસે યજ્ઞના આચાર્ય દ્વારા વેદોકત મંત્રોચ્ચાર સાથે પુરૂષ સૂકતનો હોમ કરાવવામાં આવ્યો હતો. આ વિષ્ણુયાગમાં કુલ ૭૦ કુંડમાં ૭૦ યુગલો બેસીને લાભ લઈ રહ્યાં છે. આ સાથે રામજી મંદિર મૂર્તિ પ્રતિષ્ઠા મહોત્સવ કમિટી તથા પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર વાંકીયાના સબ સેન્ટર સોનારીયાના સંયુકત ઉપક્રમે મુખ્ય જીલ્લા આરોગ્ય અધિકારી સાહેબ ડો.જોષી તથા તાલુકા હેલ્થ ઓફીસર ડો.સિધ્ધપુરા, ડો.જાટના માર્ગદર્શન હેઠળ બ્લડ ડોનેશન કેમ્પનું આયોજન કરવામાં આવ્યુ હતું. જેમાં પીએચસી વાંકીયાના મેડિકલ ઓફિસર ડો. કિરણબેન શેલડીયા, સુપરવાઈઝર ગિરિશભાઈ ભગત, હિરેનભાઈ રોકડ, શૈલેષભાઈ રાઠોડ, ઉષાબેન પરમાર, રસીલાબેન વગેરેએ જહેમત ઉઠાવી હતી. ઈન્ડિયન રેડ ક્રોસ સોસાયટી અમરેલી દ્વારા ૪૨ બ્લડ યુનિટનું કલેકશન કરવામાં આવ્યું હતું. આ ઉપરાંત લલ્લુભાઈ શેઠ આરોગ્ય મંદિર સાવરકુંડલા દ્વારા સર્વરોગ નિદાન કેમ્પનું પણ આયોજન કરાયું હતું. અમરેલી જિલ્લા કોંગ્રેસના પ્રમુખ અને સાવરકુંડલાના પૂર્વ ધારાસભ્ય પ્રતાપભાઈ દુધાતએ કાર્યક્રમની મુલાકાત લીધી હતી અને રૂપિયા ૧૧,૦૦૦ના અનુદાનની જાહેરાત કરી હતી. આ ઉપરાંત ખોડલધામ સમિતિ કાગવડના અમરેલી જિલ્લાના કન્વીનર સુરેશભાઈ દેસાઈ, ખોડલધામ સમાધાન પંચના અધ્યક્ષ મનુભાઈ દેસાઈ, ખોડલધામ સમાધાન પંચના દકુભાઈ ભુવા, અરજણભાઈ કોરાટ, સમાધાન પંચના ઉપપ્રમુખ કાળુભાઈ સુહાગીયા વગેરેએ મુલાકાત લીધી હતી જેનું મંદિર સમિતિ દ્વારા સન્માન કરાયું હતું. ખોડલધામ સમિતિ દ્વારા પણ મંદિર માટે સ્મૃતિભેટ અર્પણ કરવામાં આવી હતી. રાજકીય અગ્રણી હરિભાઈ સાંગણીએ પણ મુલાકાત લીધી હતી.

## સ્વ. ચંદુભાઈ સંઘાણીનાં સ્મરણાર્થે સુખનાથ મંદિર ચોક યુવક મંડળ દ્વારા

# અમરેલી ખાતે ચાલતી શ્રીમદ્ ભાગવત સપ્તાહમાં પ્રખ્યાત રામા મંડળનું આખ્યાન યોજાયું

**સ્વ. ચંદુભાઈ સંઘાણીનાં સત્ય, સેવા અને ધાર્મિક કાર્યોને યાદ કરવામાં આવ્યા**

**૩જા દિવસે શ્રી સુખદેવજી મહારાજની કથાની વાતથી કથા શરૂ થયેલ**

**શ્રીમદ્ ભાગવત્ સપ્તાહમાં સંતો, મહંતોની પણ ઉપસ્થિતિ**

**દિલીપ સંઘાણી, કૌશિક વેકરિયા, અતુલ કાનાણી સહિતનાં આગેવાનો ઉપસ્થિત રહ્યા**



અમરેલી, તા. ૧

અમરેલી સુખનાથ મંદિર ચોક યુવક મંડળ દ્વારા આયોજિત ભાગવત કથાના ત્રીજા દિવસે શ્રી સુખદેવજી મહારાજની કથાની વાતથી કથા ચાલુ થયેલ. સ્વ. ચંદુભાઈ સંઘાણીના સત્ય, સેવા અને ધાર્મિક કાર્ય કરનાર સેવાભાવી કાર્યકરોને ખાસ યાદ કરવામાં આવ્યા. બીજા દિવસે રાત્રીના તોરણીયાનું પ્રખ્યાત રામામંડળનું આખ્યાન યોજાયું, બહોળી સંખ્યામાં ધાર્મિકજનો ઉપસ્થિત રહ્યા હતા.

આજે દત્તાત્રેય મહારાજના પ્રાગટય જન્મોત્સવની ઉજવણી સાથે તેમનું જીવન ચરિત્ર પણ રજુ કરવામાં આવ્યું. ભારત માતાના વિશે જાગૃતિ ફેલાવતી વાતો સાથે સમૂહ હનુમાન ચાલીસાનું પાઠ કરીને રાષ્ટ્રને સમર્પિત ભાવના વ્યકત કરવામાં આવી.

આ યજનામમાં યજમાન તરીકે સુખનાથ મંદિર ચોક યુવક મંડળ અને મિત્ર મંડળે ઉત્સાહપૂર્વક સેવા આપી.


વિશિષ્ટ મહેમાનોમાં દાન મહારાજની જગ્યાથી શ્રી વલકુબાપુ, સતાધારથી શ્રી વિજયબાપુ, સ્વામીનારાયણ મંદિરના હરિરૂપ સ્વામી તેમજ અમરેલી જિલ્લાના અગ્રણીઓ હાજર રહ્યા. જેમાં મુખ્ય મહેમાનો તરીકે દિલીપભાઈ સંઘાણી, કૌશિકભાઈ વેકરીયા, મહેશભાઈ કસવાલા, અતુલભાઈ કાનાણી, વસંતભાઈ મોવલીયા, રમેશભાઈ કાથરોટીયા, ખોડલધામ અને અમરેલી શહેર–તાલુકા ભાજપની ટીમ, ડો. ભરતભાઈ કાનાબાર, હિરેનભાઈ હિરપરા, રાજેશભાઈ માંગરોળીયા, હાર્દિકભાઈ સેંજલીયા, જિલ્લા પંચાયતના સભ્યો શરદભાઈ ગોદાણી, અનિભાઈ કણજારીયા, લાલજીભાઈ મોર, કાળુભાઈ રૈયાણી, ઘનશ્યામભાઈ રૈયાણી, અમરેલી વકીલ મંડળના પ્રતિનિધિઓ ઉપસ્થિત રહ્યા.


આ પવિત્ર પ્રસંગમાં સહભાગી બનનાર તમામ મહેમાનો અને સેવાભાવી કાર્યકરોનો આયોજક મંડળે હાર્દિક આભાર વ્યકત કર્યો.

### ડેરીના સ્થાપક દિલીપ સંઘાણી અને પરશોતમભાઈ રૂપાલાની સુચનાથી

## અરે વાહ : અમરેલીની અમર ડેરીમાં દૂધ મોકલતા પશુપાલકોને પ્રતિ ફેટે ૧૦નો વધારો

**દુધ મંડળી, પશુપાલકોને નોંધ લેવા અનુરોધ થયો**







અમરેલી, તા. ૧

અમરેલી જીલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લી. અમર ડેરી દ્વારા અમર ડેરીના સ્થાપક દિલીપભાઈ સંઘાણી, પરશોતમભાઈ રૂપાલા સાથે પરામર્શ કરીને પશુ પાલકોને કટોકટીના સમયે પૂરક ભાવ મળી રહે અને તેમનુ કિંમતિ પશુધન જળવય રહે તેવા ઉમદા હેતુસર અમર ડેરીના ચેરમેન, વાઈસ ચેરમેન તથા બોર્ડ ઓફ ડિરેકટરોની ઉપસ્થિતીમાં થયેલ નિર્ણય અનુસાર ઘાસચારો અને ખાણદાણના ભાવમાં વધારો થવાના કારણે પશુપાલકોના હિત અને તેમને દૂધના પોષણક્ષમ ભાવ મળી રહે તેને ધ્યાને લઈ હાલ દૂધના પ્રતિ કિલો ફેટ ૭૭૫ માં રૂા. ૧૦નો વધારો સાથે તારીખ ૧/૫/૨૦૨૫ તથા કિલો ફેટ ૭૮૫ આપવાનો નિર્ણય કરવામાં આવેલ છે.

જયારે તા. ૧/૫/૨૫થી દૂધ મંડળીનો નવો ભાવ પ્રતિ કિલો ફેટે – રૂા. ૭૮૫ એટલે કે ૧ ફેટે રૂા. ૭.૮૫ તેમજ દુધ ભરતા ગ્રાહકોનો ભાવ પ્રતિ કિલો ફેટે રૂા. ૭૮૫ એટલે કે ૧ ફેટે રૂા. ૭.૮૫ (૧૦ ફેટ અને ૯ એસએનએફએ પ્રતિ લીટરે રૂા. ૭૮.૫૦ પૈસા) કરવામાં આવેલ છે.

જેની દરેક દૂધ મંડળી, ખેડુતો અને પશુપાલકો ભાઈઓ તથા બહેનોને નોંધ લેવા 'અમર ડેરી'ના મેનેજીંગ ડિરેકટર ડો. આર.એસ. પટેલની યાદીમાં જણાવેલ છે.

## બગસરા ખાતે ૯મેનાં રોજ વિનામુલ્યે નેત્રનિદાન કેમ્પ યોજાશે

બગસરા, તા. ૧

જેસિઝગ્રુપ બગસરા સંચાલિતશા. માણેકચંદ મુલચંદસા. ટ્રસ્ટ આંખની હોસ્પિટલ ખાતે તા. ૯/૫/૨૫ને શુક્રવારના રોજ સ્વ. યોગેશભાઈ એમ. વૈષ્ણવના સ્મરણાર્થે નિરૂપમાબેન યોગેશભાઈ વૈષ્ણવ (નિવૃત આચાર્ય)ના સૌજન્યથી ૬૧૮મો વિનામુલ્યે નેત્રનિદાન કેમ્પ રણછોડદાસજી બાપુ ચેરિટેબલ ટ્રસ્ટ રાજકોટ સહકારથી રાખવામા આવેલ છે. આ કેમ્પમા મોતિયાના ઓપરેશનની જરૂરીયાતવાળા દર્દીઓને વિનામુલ્યે આપરેશન કરી નેત્રમણી બેસાડી દેવામા આવશે.

આપરેશન માટે જનાર તમામ દર્દીઓની જમવાની વ્યવસ્થા કાયમીદાતા બગસરાના વતની સુરેશભાઈ રાયઠઠ્ઠા પરિવાર મુંબઈના સહયોગથી કરવામા આવશે.

કેમ્પમા ભાગ લેવા ઈચ્છતા દર્દીઓએ આધારકાર્ડની નકલ સાથે રાખી કેમ્પના દિવસે ૯/૫/૨૫ને શુક્રવારના રોજ સવારે ૯ કલાકે આંખની હોસ્પિટલ ખાતે હાજર રહેવા પ્રમુખ પ્રકાશભાઇ રાણીગાની યાદીમાં જણાવેલ છે.

## સાવરકુંડલાનાં તાલુકા વિકાસ અધિકારીની બદલીથી આશ્ચર્ય

સાવરકુંડલા, તા. ૧

સાવરકુંડલા તાલુકા પંચાયતમાં તાલુકા વિકાસ અધિકારી તરીકે કે.પી. પરમારની તાજેતરમાં રાજકિય કિન્નાખોરીથી બદલી થતાં ગ્રામ્ય વિસ્તારનાં સાચા સારા કાર્યકરો તેઓને સેવાને યાદ કરે છે. આવાં અધિકારીને સાવરકુંડલા તાલુકા પંચાયતના પુન નિમણુંક સરકાર કરે તેવી લોક લાગણી વ્યકત કરે છે.

ટી.ડી.ઓ પ્રમાણીક હતાં. તેમજ સતત ગામડાઓમાં સરપ્રાઈઝ ચેકીંગ કરતાં જેથી ખાસ કરીને મંત્રીઓમાં ફફડાટ વ્યાપી ગયેલ ૧ ડઝન મંત્રીઓની સ્થળ ઉપર ગેરહાજરી જોઈને ૬ માસ માટે ઈન્ડીમેન્ટ સ્ટોપ કરી નોટીસો કાઢતાં કર્મચારીઓમાં ફફડાટ ફેલાઈ જવા પામેલ. સાવરકુંડલા તાલુકા પંચાયતમાં કડક અધિકારીઓ પ્રમાણિકપણે સેવા કરતાં હોય તેવા બહુ ઓછા નીતિ–નિયમોનું ચુસ્તપણે પાલન કરનાર અને કરાવનાર ટીડીઓ ચાર મંત્રીઓ અને ઓફિસ સ્ટાફમાંથી એક કર્મચારીને ખટકતા હોય આ પાંચ કર્મચારીઓ કે જે કામચોર લાંચીયા હોય જનતાનાં ચુંટાયેલા કેટલાક પ્રતિનિધિઓને ગેરમાર્ગે દોરીને તેમજ કેટલાક પદાધિકારીઓને ખુદને પણ ખટકતા હોય ટીડીઓને બદલાવી સાવરકુંડલાની ગ્રામ્ય જનતાને પારાવાર નુકશાન કરેલ છે. રાજયમાં મોટી જ્ઞાતીું પીઠબળ ધરાવતાં હોય તેવા અધિકારીઓ પૈકી ટીડીઓ ન હોય આખરે તેઓ બદલી પામ્યાં હતા. તેમ એક નિવેદનમાં જાગૃત નાગરિક ચાકુબભાઈ રસભર્યાએ જણાવેલ છે.


**ટ્રસ્ટ, NGO, સ્કૂલ, માટે ખાસ**

નવા ટ્રસ્ટ બનાવવા, ચેરીટી કમીશ્નરમાં નોંધણી કરાવવી ઓડીટ કરાવવા, મંદિર, મસ્જિદ, ગૌશાળા, હોસ્ટેલ, સ્કૂલ વગેરેના એકાઉન્ટ કરી આપવામાં આવશે.

ઈન્કમ ટેકસના સર્ટિફીકેટ, 12AB,80G, ઈન્કમ ટેકસના રીટર્ન વગેરે...

જુના બંધ પડેલા ટ્રસ્ટમાં વાર્ષિક હિસાબો, અન્ય રેકર્ડ વગેરે વ્યકિતગત કરી આપવામાં આવશે.

વેપારી એકાઉન્ટ, GST રીટર્ન, પાનકાર્ડ વગેરે કરી આપાવામાં આવશે.

શ્રીનાથજી કોમ્પ્યુટર્સ | ૪૦, પહેલા માળે, હિરકબાગ શો. સેન્ટર, માર્કેટયાર્ડ રોડ, અમરેલી | ભરત બી. પારેખ - ૯૪૨૮૩ ૪૦૯૩૪

**ભારતમાં સૌથી સારો મેડીક્લેઇમ**

મેડીક્લેઇમ લેતી વખતે જો તમોને

(૧) ડાયાબીટીસ (૨) હાયપર ટેન્શન (B.P.) (૩) અસ્થમા (૪) કોલેસ્ટ્રોલ

જેવી ઉપરની ચાર બીમારી હોય તો તમો અમારો સંપર્ક કરો કારણ કે આ ચારેય બીમારીઓમાં પણ અમારા મેડીક્લેઇમમાં ફકત–૩૦ દિવસ પછી સારવારનો ખર્ચ મળશે.

કેશલેશની સગવડ

સંપર્ક : પાર્થ ઇન્વેસ્ટમેન્ટ

જય કોમ્પ્લેક્ષ, ગાંધીબાગ પાસે, અમરેલી.

અશ્વિનભાઇ પંડયા મો. ૯૪૨૬૯ ૬૩૬૧૧ | પાર્થ પંડયા મો. ૮૪૬૦૫ ૫૦૬૬૦







ડ્રાયફ્રુટથી ભરપુર મસ્ત મજાના...

**મગડી ગુંદીના લાડુ**

નાયલોન તથા વાટીદાળનાં **ખમણ**

પોચા-પોચા મસ્ત મસ્ત **ગુલાબજાંબુ**

તેમજ અવનવા તાજા ફરસાણ મળશે

સાથે મસ્ત ચટાકેદાર **ખજુરની ચટણી ફ્રી**

બટેટા વેફર્સ ▪ કેળા વેફર્સ ▪ ફરાળી ચેવડો

તેમજ અમારી

સ્પે. આઈટમ **ફરાળી ચટણી**

હાજરમાં મળશે

શિવ

નારાયણ આર્કેડ, ભીડભંજન મહાદેવના મંદિરની સામે, લીલીયા રોડ, અમરેલી.

મો. ૯૪૨૬૪ ૪૮૨૯૨ ▪ મો. ૯૯૦૯૧ ૯૦૯૫૫






### પાકિસ્તાની આર્મીની ભારતને ધમકી

# યુદ્ધ ક્યાં શરૂ થશે તે તમે નક્કી કરો, ક્યાં પુરું થશે તે અમે બતાવીશું

## પાકિસ્તાની સેનાના પ્રવક્તા લેફ્ટનન્ટ જનરલ અહેમદ શરીફ ચૌધરીએ પહેલગામ હુમલા અંગે ભારત દ્વારા લગાવવામાં આવેલા આરોપોને ફગાવ્યા

ઈસ્લામાબાદ, તા.૧

પહેલગામમાં તાજેતરમાં થયેલા આતંકવાદી હુમલા બાદ ભારત અને પાકિસ્તાન વચ્ચેના સંબંધોમાં ઘણો તણાવ જોવા મળ્યો છે. ભારતે પાકિસ્તાન સામે ઘણા કડક પગલાં લીધાં છે. આ દરમિયાન, પાકિસ્તાની સેનાના પ્રવક્તા લેફ્ટનન્ટ જનરલ અહેમદ શરીફ ચૌધરીએ ભારતને ચેતવણી આપી છે.

પાકિસ્તાનના લશ્કરી પ્રવક્તા લેફ્ટનન્ટ જનરલ અહેમદ શરીફ ચૌધરીએ બુધવારે ભારતને ચેતવણી આપી હતી કે જો ભારત કોઈ હુમલો કરશે તો તેનો કડક અને સમજી-વિચારીને જવાબ આપવામાં આવશે. તેમણે કહ્યું, "ભારત હુમલાનું સ્થળ નક્કી કરશે, પરંતુ તેનો અંત ક્યાં આવશે તે અમે નક્કી કરીશું." અહમદ શરીફ ચૌધરીએ ઈસ્લામાબાદમાં નાયબ વડાપ્રધાન અને વિદેશપ્રધાન ઈશાક ડાર સાથે સંયુક્ત પત્રકાર પરિષદમાં આ નિવેદન આપ્યું હતું.

લેફ્ટનન્ટ જનરલ ચૌધરીએ, જે ઈન્ટર-સર્વિસિસ પબ્લિક રિલેશન્સ (ISPR) ના વડા પણ છે, જણાવ્યું હતું કે પાકિસ્તાનની સેના, નૌકાદળ અને વાયુસેના ત્રણેય મોરચે - જમીન, હવા અને સમુદ્ર - જવાબ આપવા માટે સંપૂર્ણપણે તૈયાર છે. તેમણે કહ્યું કે પાકિસ્તાને પૂર્વી અને પશ્ચિમી બંને સરહદો પર દેખરેખ વધારી દીધી છે. તેમણે કહ્યું, "પાકિસ્તાનની સાર્વભૌમત્વ અને સુરક્ષાના રક્ષણ માટે અમે કોઈપણ હદ સુધી જઈશું. બધા જ બદલો લેવા તૈયાર છે. અમારા દળો સંપૂર્ણપણે સતર્ક અને સતર્ક છે." પાકિસ્તાની સેનાના પ્રવક્તા લેફ્ટનન્ટ જનરલ અહેમદ શરીફ ચૌધરીએ પહેલગામ આતંકવાદી હુમલા અંગે ભારત દ્વારા લગાવવામાં આવેલા આરોપોને ફગાવી દીધા છે. તેમણે પ્રશ્ન ઉઠાવ્યો કે ભારતે થોડીવારમાં જ કેવી રીતે નક્કી કરી લીધું કે આ હુમલા પાછળ પાકિસ્તાનનો હાથ છે. તેમણે કહ્યું, "જે જગ્યાએ હુમલો થયો તે નિયંત્રણ રેખા (LoC) થી લગભગ ૨૩૦ કિલોમીટર દૂર છે. આટલા મુશ્કેલ માર્ગે કોઈ ૧૦ મિનિટમાં ત્યાં કેવી રીતે પહોંચી શકે?"

લેફ્ટનન્ટ જનરલ ચૌધરીએ આરોપ લગાવ્યો કે ભારત સરકાર ચૂંટણી પહેલા મુસ્લિમ વિરોધી વાતાવરણ બનાવવા માટે આતંકવાદ સંબંધિત ઘટનાઓનો ઉપયોગ કરી રહી છે. તેમણે કહ્યું, "આ કંઈ નવું નથી. ભારત પહેલા પાકિસ્તાન પર આરોપ લગાવે છે, પછી રાજકીય વાર્તા બનાવે છે અને તેનો ઉપયોગ ચૂંટણી જીતવા માટે કરે છે." તેમણે એવો પણ દાવો કર્યો હતો કે ભારતીય જેલોમાં બંધ પાકિસ્તાની કેદીઓને નકલી એન્કાઉન્ટરમાં મારી નાખવામાં આવી રહ્યા છે. ઉદાહરણ આપતા તેમણે કહ્યું કે ઉરીમાં મુહમ્મદ ફારૂકને ઘુસણખોર કહીને મારી નાખવામાં આવ્યો હતો જ્યારે તે નિર્દોષ પાકિસ્તાની નાગરિક હતો.

### નિશાન પર હતા અન્ય ત્રણ સ્થળ

# પહેલગામ આતંકવાદી હુમલામાં થયા ચોંકાવનારા ખુલાસા

## આતંકવાદીઓ ૧૫ એપ્રિલે જ પહેલગામ પહોંચ્યા અને આ ઘટના બાદ આંતકવાદી સોશિયલ મીડિયામાં એક્ટિવેટ હતા

નવી દિલ્હી, તા. ૧

૨૨ એપ્રિલે પહેલગામમાં થયેલા આતંકવાદી હુમલામાં ૨૬ લોકોએ જીવ ગુમાવ્યા હતા. પહેલગામમાં થયેલા આતંકવાદી હુમલાની તપાસમાં ઘણા ખુલાસા થયા છે. સૂત્રો પાસેથી મળેલી માહિતી અનુસાર, NIA ની તપાસમાં જાણવા મળ્યું છે કે આ ઘટનાને અંજામ આપનારા આતંકવાદીઓ ૧૫ એપ્રિલે જ પહેલગામ પહોંચ્યા હતા. અને આ ઘટના બાદ આંતકવાદી સોશિયલ મીડિયામાં એક્ટિવેટ હતા અને તેમના બોસને દરેક વસ્તુની માહિતી આપી રહ્યા હતા.

પહેલગામ આતંકવાદી હુમલા બાદ નવા ખુલાસા થઈ રહ્યા છે. હવે, ચાલી રહેલી તપાસમાં ખુલાસો થઈ રહ્યો છે કે ગ્રાઉન્ડ ઝીરો પર આ ઘટનાને અંજામ આપનારા આતંકવાદીઓ પાકિસ્તાનમાં છુપાયેલા તેમના બોસને સંપૂર્ણ અપડેટ મોકલી રહ્યા હતા. આતંકવાદીઓ પાસે કેમેરા અને સેટેલાઈટ ફોન પણ હતા જેના દ્વારા તેઓ પાકિસ્તાન સાથે સીધા સંપર્કમાં હતા. તપાસ દરમિયાન, એવા દાવા કરવામાં આવી રહ્યા છે કે તેને પાકિસ્તાનમાં છુપાયેલા આતંકવાદીઓ દ્વારા પણ નિર્દેશિત કરવામાં આવી રહ્યો હતો.

NIAની તપાસમાં જાણવા મળ્યું છે કે આ ઘટનાને અંજામ આપનારા આતંકવાદીઓ ૧૫ એપ્રિલે જ પહેલગામ પહોંચ્યા હતા. સૂત્રોના જણાવ્યા અનુસાર, દ્વૈંછ ને આ આતંકવાદીઓને મદદ કરનારા લોકો પાસેથી એ પણ જાણવા મળ્યું છે કે પહેલગામ ઉપરાંત, આતંકવાદીઓના નિશાના પર ત્રણ વધુ સ્થળો હતા. ઘટના પહેલા ખીણમાં ત્રણ સેટેલાઈટ ફોનનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. કહેવામાં આવી રહ્યું છે કે હુમલાના બે દિવસ પહેલા આતંકવાદીઓ પહેલગામની બૈસરન ખીણમાં પહોંચી ગયા હતા.આ આતંકવાદીઓએ એક સાથે ત્રણ વધુ સ્થળોની રેકી કરી હતી. પરંતુ તે ત્રણ સ્થળોએ કડક સુરક્ષાને કારણે આતંકવાદીઓ ત્યાં ઘટનાને અંજામ આપી શક્યા નહીં. સૂત્રોના જણાવ્યા અનુસાર, પહેલગામ ઉપરાંત, અરુ ખીણ, એમ્યુઝમેન્ટ પાર્ક અને બેતાબ ખીણ પણ આતંકવાદીઓના નિશાના પર હતા.

સેટેલાઈટ ફોન, જેને 'સેટફોન' પણ કહેવાય છે, તે પરંપરાગત મોબાઈલ નેટવર્કને બદલે સીધા સેટેલાઈટ સાથે કનેક્ટ થઈને કામ કરે છે. તે એવા સ્થળોએ પણ વાતચીત કરવાની મંજૂરી આપે છે જ્યાં મોબાઈલ ટાવર નથી – જેમ કે મહાસાગરો, જંગલો, રણ અથવા યુદ્ધગ્રસ્ત વિસ્તારો. આતંકવાદીઓએ આ ફોનનો ઉપયોગ કર્યો હતો.

હાશિમ મુસા અગાઉ પાકિસ્તાનના અર્ધલશ્કરી દળમાં સામેલ હતો. બાદમાં તેને ત્યાંથી હાંકી કાઢવામાં આવ્યો. આ પછી તે ભારતમાં પ્રતિબંધિત સંગઠન લશ્કર-એ-તૈયબામાં જોડાયો. ભારતીય સુરક્ષા એજન્સીઓનું માનવું છે કે મુસા પાકિસ્તાની સેનાના કહેવા પર લશ્કરમાં જોડાયો હતો.

### GST કલેક્શન એપ્રિલમાં ૨. ૩૭ લાખ કરોડની રેકોર્ડ સપાટીએ

# નાણાકીય વર્ષ ૨૦૨૫-૨૬ની શરૂઆત સાથે જ કેન્દ્ર સરકારની તિજોરી છલકાઇ

## લક્ષદ્વીપમાં સૌથી વધુ ૨૮૭ ટકાનો ગ્રોથ નોંધાયો છે જ્યારે ગુજરાતમાં પણ ડબલ ડિજિટ ગ્રોથ નોંધાયો હતો

નવી દિલ્હી, તા.૧

નાણાકીય વર્ષ ૨૦૨૫-૨૬ની શરૂઆત સાથે જ કેન્દ્ર સરકારની તિજોરી છલકાઈ છે. GST કલેક્શન આ વર્ષે એપ્રિલમાં રૂ. ૨.૩૭ લાખ કરોડની રેકોર્ડ બ્રેક સપાટીએ નોંધાયુ છે. જે વાર્ષિક ધોરણે ૧૨.૬ ટકાનો ઉછાળો દર્શાવે છે. સરકારી આંકડાઓ અનુસાર, એપ્રિલ, ૨૦૨૫માં રૂ. ૨.૩૭ લાખ કરોડનું ઓલટાઈમ હાઈ જીએસટી કલેક્શન નોંધાયુ છે. જે ગતવર્ષે સમાન ગાળામાં રૂ. ૨.૧૦ લાખ કરોડ હતું. જ્યારે માર્ચ, ૨૦૨૫માં રૂ. ૧.૯૬ લાખ કરોડ નોંધાયુ હતું.

જુલાઈ, ૨૦૧૭માં અમલી બનેલા જીએસટીથી સરકારની આવક ધીમા ધોરણે સતત વધી છે. અગાઉ એપ્રિલ ,૨૦૨૪માં રેકોર્ડ રૂ. ૨.૧૦ લાખ કરોડનો જીએસટી નોંધાયો હતો. આ વર્ષે એપ્રિલમાં રિફંડ બાદ નેટ જીએસટી કલેક્શન ૯.૧ ટકા વધી એપ્રિલમાં રૂ. ૨.૦૯ લાખ કરોડ નોંધાયુ હતું.

રાજ્યવાર જીએસટી કલેક્શનને ધ્યાનમાં લઈએ તો લક્ષદ્વીપમાં સૌથી વધુ ૨૮૭ ટકાનો ગ્રોથ નોંધાયો છે. જ્યારે ગુજરાતમાં પણ ડબલ ડિજિટ ગ્રોથ નોંધાયો હતો. ગતમહિને માર્ચમાં ગુજરાતમાં રૂ. ૧૨૦૯૫ કરોડનું જીએસટી કલેક્શન નોંધાયુ હતું. જે એપ્રિલમાં ૧૩ ટકા વધી રૂ. ૧૪૯૭૦ કરોડ નોંધાયુ છે. નોંધનીય છે, મિઝોરમમાં સૌથી ઓછો ૨૮ ટકા ગ્રોથ જોવા મળ્યો હતો. ભારતમાં વિવિધ ગુડ્સ અને સર્વિસિઝ પર ચાર સ્લેબમાં જીએસટી વસૂલાય છે. જેમાં ૫ ટકા જીએસટી, ૧૨ ટકા જીએસટી, ૧૮ ટકા જીએસટી અને ૨૮ ટકા જીએસટી સામેલ છે. દેશમાં જુલાઈ, ૨૦૧૭માં જીએસટી લાગુ થયા બાદ જીએસટી કાઉન્સિલ દ્વારા વિવિધ પ્રોડક્ટ્સ પર જીએસટી રેટમાં ઘણીવાર સંશોધન કરવામાં આવ્યા છે.

**ચાલુ કેલેન્ડર વર્ષમાં જીએસટી કલેક્શન**

| માસ | GST કલેક્શન |
|---|---|
| જાન્યુઆરી | ૧.૯૬ લાખ કરોડ |
| ફેબ્રુઆરી | ૧.૮૩ લાખ કરોડ |
| માર્ચ | ૧.૯૬ લાખ કરોડ |
| એપ્રિલ | ૨.૩૭ લાખ કરોડ |

### આપણા જવાનોનું મનોબળ ન તોડો: સુપ્રીમ

# પહેલગામ હુમલા પર સુપ્રીમ કોર્ટમાં પહોંચી એક અરજી

## ઠપકો આપતા સુપ્રીમ કોર્ટે કહ્યું કે આવી અરજી દાખલ કરતા પહેલા મામલાની ગંભીરતા સમજવી જોઈતી હતી

નવી દિલ્હી, તા. ૧

પહેલગામ આતંકવાદી હુમલા સંબંધિત અરજી પર સુપ્રીમ કોર્ટે મોટી ટિપ્પણી કરી છે. પહેલગામ હુમલા પર અરજી દાખલ કરનાર અરજદારને ઠપકો આપતા સુપ્રીમ કોર્ટે કહ્યું કે આવી અરજી દાખલ કરતા પહેલા મામલાની ગંભીરતા સમજવી જોઈતી હતી. આપણા દળોનું મનોબળ તોડશો નહીં. આ અરજીઓ માટે આ યોગ્ય સમય નથી.પહેલગામ હુમલાની તપાસ માટે સુપ્રીમ કોર્ટમાં એક પીઆઈએલ દાખલ કરવામાં આવી હતી. પહેલગામ આતંકવાદી હુમલા અંગે અરજદારોને ફટકાર લગાવતા સુપ્રીમ કોર્ટે કહ્યું, 'શું તેઓ સુરક્ષા દળોનું મનોબળ નીચું કરવા માંગે છે?' આ તે સમય છે. જ્યારે દરેક ભારતીય આતંકવાદ સામે લડવા માટે હાથ મિલાવી રહ્યાં છે. આપણા દળોનું મનોબળ તોડશો નહીં. આ યોગ્ય સમય નથી. ઉપરાંત, તેમને આવા મુદ્દાઓ કોર્ટમાં ન લાવવાની સૂચના આપવામાં આવી હતી.આ કેસમાં, ન્યાયાધીશ સૂર્યકાંત અને ન્યાયાધીશ એનકે સિંહની બેન્ચે અરજદારોને પૂછ્યું કે શું તેઓ સુરક્ષા દળોનું મનોબળ તોડવા માંગે છે? સુપ્રીમ કોર્ટે કહ્યું કે આવી અરજી દાખલ કરતા પહેલા, મામલાની 'સંવેદનશીલતા' પર વિચાર કરવો જોઈતો હતો. ઉલ્લેખનીય છે કે પહેલગામ આતંકવાદી હુમલામાં વિદેશી પ્રવાસીઓ સહિત ૨૬ લોકો માર્યા ગયા હતા. આતંકવાદીઓએ બધાને તેમનો ધર્મ પૂછીને મારી નાખ્યા.

અરજદારોએ પહેલગામ આતંકવાદી હુમલાની ન્યાયિક તપાસની માંગ કરી હતી જેમાં ૨૬ લોકો માર્યા ગયા હતા. પરંતુ સુપ્રીમ કોર્ટે અરજી પર સુનાવણી કરવાનો ઈનકાર કર્યો હતો. સુપ્રીમ કોર્ટે અરજદારને પોતાના નિષ્કર્ષ અંગે થોડા જવાબદાર બનવા કહ્યું. આ મુશ્કેલ સમયમાં, દેશનો દરેક નાગરિક આતંકવાદ સામે લડવા માટે એક થયો છે. બેન્ચે વધુમાં કહ્યું કે ન્યાયાધીશો આતંકવાદી કેસોની તપાસમાં નિષ્ણાત નથી અને અરજદારોને આવા મુદ્દાઓને ન્યાયિક ક્ષેત્રમાં ન લાવવાનો નિર્દેશ આપ્યો.

### જાતિગત વસ્તી ગણતરી પર સંજય રાઉતનું નિવેદન

# શિવસેના (ઉદ્ધવ જૂથ) ના નેતા સંજય રાઉતે કહ્યું કે, સરકાર મોદીની છે, પરંતુ હાલમાં સિસ્ટમ રાહુલ ગાંધી ચલાવી રહ્યા છે

## ૨૦૨૫ માટે ઘણી શુભેચ્છાઓ. આ વર્ષ દરેક માટે નવી તકો, સફળતા અને અનંત ખુશીઓ લઈને આવે. બધાને સારા સ્વાસ્થ્ય અને સમૃદ્ધિના આશીર્વાદ મળે

મુંબઈ, તા.૧

જાતિગત વસ્તી ગણતરીને લઈને રાજકીય નિવેદનબાજી ફરી એકવાર તેજ થઈ ગઈ છે. કેન્દ્ર સરકાર દ્વારા જાતિ વસ્તી ગણતરી અંગે લેવામાં આવેલા તાજેતરના નિર્ણય પર પ્રતિક્રિયા આપતા, શિવસેના (ઉદ્ધવ જૂથ) ના નેતા અને રાજ્યસભા સાંસદ સંજય રાઉતે રાહુલ ગાંધીની ભૂમિકાને નિર્ણાયક ગણાવી અને કહ્યું કે, "સરકાર મોદીની હોઈ શકે છે, પરંતુ હાલમાં સિસ્ટમ રાહુલની ચાલી રહી છે." રાઉતે કહ્યું કે, રાહુલ ગાંધી છેલ્લા દસ વર્ષથી સતત જાતિગત વસ્તી ગણતરીની માંગ કરી રહ્યા છે, જેની માંગ તેમણે સંસદથી શેરીઓ સુધી ઉઠાવી હતી. તેમણે યાદ અપાવ્યું કે, સંસદમાં રાહુલ ગાંધીના ભાષણોમાં સામાજિક ન્યાય અને પ્રતિનિધિત્વનો મુદ્દો વારંવાર ઉઠાવવામાં આવ્યો છે.

સંજય રાઉતે ભાજપના નેતાઓ પર આ મુદ્દે બેવડું ધોરણ અપનાવવાનો આરોપ લગાવ્યો હતો. તેમણે કહ્યું કે, ભાજપ નેતા અનુરાગ ઠાકુરે સંસદમાં રાહુલ ગાંધી વિશે કરેલી અપમાનજનક ટિપ્પણી એ વાતનો પુરાવો છે કે, ભાજપે જાતિગત વસ્તી ગણતરીનો ખુલ્લેઆમ વિરોધ કર્યો હતો. રાઉતે કટાક્ષમાં પૂછ્યું કે, "જ્યારે આ મુદ્દો આટલા વર્ષોથી ઉઠાવવામાં આવી રહ્યો છે, ત્યારે શું સરકારે કાનમાં રૂ ભર્યું હતું?" તેમણે એમ પણ કહ્યું કે, જો આજે સરકારે વસ્તી ગણતરી અંગે કોઈ નિર્ણય લીધો છે, તો તે બહુજન, દલિત, ઓબીસી અને દલિત વર્ગોનો વિજય છે - પરંતુ આ જનજાગૃતિનો શ્રેય દેશના લોકો અને રાહુલ ગાંધીને આપવો જોઈએ.

સંજય રાઉતે આ નિર્ણયના સમય પર પણ પ્રશ્નો ઉઠાવ્યા હતા. તેમણે કહ્યું કે, આ નિર્ણય એવા સમયે આવ્યો છે જ્યારે દેશ પહલગામ હુમલા જેવી મોટી દુર્ઘટનાનો સામનો કરી રહ્યો છે અને શક્ય છે કે, સરકારે ધ્યાન ભટકાવવાની રણનીતિ તરીકે આ મુદ્દાને આગળ ધપાવ્યો હોય શકે છે. તેમણે કહ્યું કે, જો સરકાર ખરેખર સામાજિક ન્યાયની ચિંતા કરતી હોત, તો તેણે અત્યાર સુધીમાં જાતિગત વસ્તી ગણતરી પૂર્ણ કરી લીધી હોત. પરંતુ આ મુદ્દો હવે રાજકીય દબાણ હેઠળ આવી ગયો હોવાથી, તેને મૂલ્યાંકન કરવાનો અને ક્રેડિટનો દાવો કરવાનો કોઈ અધિકાર નથી.

### અમેરિકામાં ખતરનાક બીમારી ફેલાઈ

# ટેક્સાસમાં ૭૦૦થી વધુ લોકો ઝપેટમાં, ૭ રાજ્યોમાં પણ ફેલાવાનું શરૂ થયું

## ટેક્સાસમાં ઓરી નામનો રોગચાળો ફેલાયો છે

ટેક્સાસ, તા.૧

અમેરિકાના ૨૫ વર્ષ પહેલા જે બીમારીને ખતમ કરવાની જાહેરાત કરી હતી, તે બીમારી ટેક્સાસમાં અનેક વ્યક્તિઓમાં ફેલાતા ચિંતાજનક સ્થિતિ ઉભી ગઈ છે. મીડિયા રિપોર્ટ મુજબ પશ્ચિમ ટેક્સાસમાં દર્દીઓની સંખ્યામાં એકાએક વધારો થતા આરોગ્યતંત્ર દોડતું થઈ ગયું છે. પીડિત દર્દીઓના રિપોર્ટ સામે આવ્યા બાદ અમેરિકન આરોગ્ય વિભાગ પણ ચોંકી ગયું છે અને તેણે તાત્કાલીક રોગચાળાનું નિવારણ કરવા માટે પગલા ભરવાનું શરૂ કરી દીઝા છે.વૉલ સ્ટ્રીટ જર્નલના રિપોર્ટમાં જણાવ્યા મુજબ, 'ટેક્સાસમાં ઓરી નામનો રોગચાળો ફેલાયો છે. જાન્યુઆરીના અંત સુધીમાં ટેક્સાસમાં ૭૦૦થી વધુ લોકો ઓરીનો શિકાર થયા છે, ત્યારબાદ તેમને હોસ્પિટલો દાખલ કરવામાં આવ્યા છે. એટલું જ નહીં આ રોગચાળો અન્ય રાજ્યોમાં પણ ફેલાઈ રહ્યો છે.અમેરિકાના એક દાયકામાં પ્રથમવાર આટલા બધા ઓરીના દર્દીઓ નોંધાયા છે. કેટલાક જાહેર આરોગ્ય નિષ્ણાંતો અને મહામારી વિજ્ઞાનીઓનું માનવું છે કે, આ રોગચાળો અમેરિકાને એક વર્ષથી વધુ સમય મુશ્કેલીમાં મુકી શકે છે. સમાચાર એજન્સી સિન્હુઆના રિપોર્ટ મુજબ, વર્ષ ૨૦૦૦માં અમેરિકાએ વ્યાપક રસીકરણ અભિયાન હાથ ધર્યું હતું. આ દરમિયાન મોટાભાગના બાળકોને ઓરી, ગાલપચોળિયાં અને રૂબેલા અથવા એમએમઆર રસી આપવામાં આવી હતી.ટેક્સાસના આરોગ્ય વિભાગે કહ્યું કે, રાજ્યમાં ઓરીના કેસો મંગળવારે વધીને ૬૬૩ પર પહોંચી ગયા છે. ૨૫ એપ્રિલ બાદ વધુ ૧૭ કેસો નોંધાયા છે. ટેક્સાસ ડિપાર્ટમેન્ટ ઑફ સ્ટેટ હેલ્થ સર્વિસિઝે કહ્યું કે, 'ઓરીના રોગચાળાનું કેન્દ્ર ગેન્સ કાઉન્ટમાં કુલ ૩૯૬ કેસ નોંધાયા છે. અન્ય રાજ્યોમાં પણ ઓરીના કેસ ફેલાઈ રહ્યા છે, જેમાં ઈન્ડિયાના, કેન્સાસ, મિશિગન, મોન્ટાના, ઓહિયો, પેન્સિલવેનિયા અને ટેનેસી સામેલ છે. આ રાજ્યોમાં ત્રણ અથવા વધુ કેસો નોંધાયા હોવાનું સામે આવ્યું છે. હેલ્થ વિભાગે ઓરીના કેસે વધુ ન ફેલાય તે માટે તમામ તકેદારીના પગલા શરૂ કરી દીધા છે.

અમેરિકાના રોગ નિયંત્રણ અને નિવારણ કેન્દ્ર (CDC)ના ડેટા મુજબ, ઓરીના કેસો આઠ રાજ્યોમાંથી સૌથી વધુ ટેક્સાસમાં સામે આવ્યા છે. જ્યારે અમેરિકામાં કુલ ઓરીના કેસોની સંખ્યા ૯૦૦ નજીક પહોંચી ગઈ છે. સીડીસીએ અત્યાર સુધીમાં કુલ ૮૮૪ કેસોની પુષ્ટી કરી છે, જે વર્ષ ૨૦૨૪ના કેસો કરતા ત્રણ ઘણા વધુ છે.તબીબોના મતે ઓરી એક વાયરલ ચેપ છે. આ રોગ વાયરસથી થાય છે અને ચેપગ્રસ્ત બાળકથી અન્ય બાળકોમાં ઝડપથી ફેલાય છે. તેનાથી ચેપ લાગ્યા બાદ ૭ થી ૧૪૪ દિવસમાં લક્ષણો દેખાવા લાગે છે. નાના બાળકો જ નહીં રોગ પ્રતિકારક શક્તિ ઓછી હોય તેવી પુખ્ત વયની વ્યક્તિને પણ ઓરી થાય છે. ઓરીના ચેપથી ચામડી પર લાલ ફોલ્લીઓ થાય છે. તેની અસર ચહેરા પર અને કાનની પાછળ વધુ જોવા મળે છે, શરીરના અન્ય ભાગોમાં પણ તેનો ફેલાવો થવાનું જોખમ રહેલું છે. ઓરીના કારણે તાવ, સૂકી ઉધરસ, વહેતું નાક, ગળામાં દુઃખાવો અને કેટલાક બાળકોમાં કન્જેક્ટિવાઈટિસ જેવી સમસ્યાઓ પણ જોવા મળી છે. ટીબી કે એલર્જીની સમસ્યા ધરાવતા દર્દીએ ખાસ તકેદારી રાખવી જોઈએ. તાવ આવતો હોય કે ઓરીના લક્ષણ જણાય તેવા બાળકોને સ્કૂલ કે અન્ય બાળક સાથે રમવા મોકલવા જોઈએ નહીં.

# બાબા રામદેવ કંટ્રોલમાં નથી, પોતાની જ દુનિયામાં રહે છે

નવી દિલ્હી, તા.૧

હમદર્દ રુહ અફઝા અંગે યોગ ગુરુ બાબા રામદેવ દ્વારા કરાયેલી ટિપ્પણીનો વિવાદ વકરતો જઈ રહ્યો છે. દિલ્હી હાઈકોર્ટે આ મામલે બાબા રામદેવને જોરદાર ફિટકાર લગાવતાં કહ્યું કે બાબા રામદેવ બેકાબુ થઈ ગયા છે. તે પોતાની જ દુનિયામાં મસ્ત રહે છે. અગાઉ કોર્ટે હમદર્દના રુહ અફઝા અંગે વિવાદિત શરબત જેહાદ વાળી ટિપ્પણી મામલે બાબા રામદેવને કોર્ટની અવમાનનાના દોષિત ઠેરવ્યા હતા. કોર્ટે આદેશ કર્યો હતો કે ભવિષ્યમાં હમદર્દની પ્રોડક્ટ અંગે બાબા રામદેવને કોઈ નિવેદન ન આપે અને વીડિયો પણ શેર ન કરે. જસ્ટિસ અમિત બંસલે ગુરુવારે જણાવ્યું કે કોર્ટના ૨૨ એપ્રિલના આદેશ છતાં રામદેવે વાંધાજનક નિવેદનની સાથે વીડિયો પણ શેર કર્યો હતો. આ બંને કૃત્ય કોર્ટની અવમાનનના માની શકાય. હવે આ મામલે નોટિસ જારી કરવામાં આવશે. ઉલ્લેખનીય છે કે કોર્ટે અગાઉ મંગળવારે કહ્યું હતું કે હમદર્દના રુહ અફઝા અંગે બાબા રામદેવની શરબત જેહાદ સંબંધિત વિવાદિત ટિપ્પણીએ અંતરાત્માને હચમચાવી નાખી હતી. કોર્ટે તેને અક્ષમ્ય કૃત્ય ગણાવ્યું હતું. જેના બાદ યોગ ગુરુએ આશ્વાસન આપ્યું હતું કે હું આનાથી સંબંધિત કોઈપણ ઓનલાઈન કન્ટેન્ટને ડિલીટ કરી દઈશ.

### બીજેપી સાંસદનું સ્ફોટક નિવેદન

# દાઢી-ટોપી વાળાઓને સીધા કરવા જ મારો જન્મ થયો છે

## ખાનગી કોલેજોમાં, ચોક્કસ સમુદાયના યુવાનો વ્યવસ્થિત રીતે હિન્દુ છોકરીઓને પ્રેમ સંબંધોમાં ફસાવી રહ્યા છે

ભોપાલ, તા.૧

મધ્યપ્રદેશની રાજધાની ભોપાલની એક ખાનગી કૉલેજમાં લવ જેહાદના કિસ્સા સામે આવ્યા બાદ રાજકારણ ગરમાયું છે. ભાજપના સાંસદ આલોક શર્માએ તાજેતરની ઘટનાઓ પર આકરું નિવેદન આપ્યું છે અને એક ચોક્કસ સમુદાય પર સીધું નિશાન સાધ્યું છે. ભોપાલના સાંસદ આલોક શર્માએ જણાવ્યું હતું કે ખાનગી કોલેજોમાં, ચોક્કસ સમુદાયના યુવાનો વ્યવસ્થિત રીતે હિન્દુ છોકરીઓને પ્રેમ સંબંધોમાં ફસાવી રહ્યા છે. તેઓ બળાત્કાર કરી રહ્યા છે અને તેમને બ્લેકમેઈલ કરી રહ્યા છે. તેમણે તેને એક સુનિયોજિત કાવતરું ગણાવ્યું અને કહ્યું, "જો કોઈ માણસમાં હિંમત હોય તો તેણે લવ જેહાદ કરવું જોઈએ. હું દાઢી અને ટોપીવાળા લોકોને સીધા કરવા માટે જ જન્મ્યો છું."

તેમણે દાવો કર્યો હતો કે બ્રાહ્મણ સમુદાયની વિદ્યાર્થિનીઓને ખાસ નિશાન બનાવવામાં આવી રહી છે અને આ ષડયંત્રમાં સામેલ લોકોને કડક સજા આપવામાં આવશે. તેમણે સૂચન કર્યું કે સનાતની મહિલાઓ માટે ગરબા જેવા અલગ કાર્યક્રમોનું આયોજન કરવું જોઈએ જેથી લવ જેહાદમાં સામેલ લોકોને પ્રવેશ ન મળે.

સાંસદ શર્માએ વધુમાં જણાવ્યું હતું કે ૫ જૂને ભોપાલમાં એક મોટો હિન્દુ મેળાવડો યોજાશે, જેમાં પંડિત ધીરેન્દ્ર શાસ્ત્રી ભાગ લેશે. તેમણે બધા સનાતની હિન્દુઓને એક થવા અપીલ કરી.

જૂના ભોપાલમાં હિન્દુ વસ્તીમાં ઘટાડા અંગે ચિંતા વ્યક્ત કરતા અશોક શર્માએ કહ્યું, "કોહેફિઝામાં આપણે એક સમયે ૮૦ ટકા હતા, હવે ફક્ત ૨૦ ટકા જ બચ્યા છે. ચોક બજારમાં ૪૫ હજાર હિન્દુ હતા, હવે ફક્ત ૩૨૦૦ જ બચ્યા છે. આ ધાર્મિક અસંતુલન ખતરનાક છે."

કોંગ્રેસના ધારાસભ્ય આરિફ મસૂદે આલોક શર્માના નિવેદનને સસ્તી લોકપ્રિયતા માટે આપવામાં આવેલું નિવેદન ગણાવ્યું અને કહ્યું કે ગુનેગાર ગમે તે ધર્મ કે જાતિનો હોય, તેને બક્ષવામાં ન આવે. આરીફ મસૂદે કહ્યું, "લવ જેહાદ ખોટું છે. તે કોઈની પણ દીકરી છે, તે આપણી પણ દીકરી છે. આપણી બહેનો અને દીકરીઓની સુરક્ષા અને સન્માન આપણી જવાબદારી છે. તેમની સાથે અન્યાય કરનારાઓ સામે કડક કાર્યવાહી થવી જોઈએ."

મસૂદે દાઢી અને ટોપી પહેરેલા લોકોને દેશભક્ત ગણાવ્યા અને કહ્યું, "આ એ જ લોકો છે જેમણે અંગ્રેજો સામે લડીને દેશને આઝાદ કરાવ્યો હતો. આ લોકો દેશના સૌથી મોટા દેશભક્ત છે."

### ભારતને અમેરિકાનો નજીકનો ભાગીદાર ગણાવ્યો

# પહેલગામ હુમલા મુદ્દે અમેરિકા ગુસ્સે ભરાયું

## રુબિયોએ ખૂબ જ કડક સ્વરમાં કહ્યું કે હુમલાની નિષ્પક્ષ તપાસ કરવી અને ગુનેગારોને સજા આપવી તે પાકિસ્તાનની જવાબદારી

વૉશિંગ્ટન, તા.૧

જમ્મુ અને કાશ્મીરના પહેલગામમાં ૨૨ એપ્રિલે થયેલા આતંકવાદી હુમલા અંગે અમેરિકા ખુલ્લેઆમ ભારતનું સમર્થન કરવા માટે બહાર આવ્યું છે. તેમણે પાકિસ્તાનને આ જઘન્ય હુમલાની તપાસમાં સંપૂર્ણ સહયોગ આપવા ભારપૂર્વક માંગ કરી છે. મોડી રાત્રે, અમેરિકાના વિદેશ મંત્રી માર્કો રુબિયોએ ભારતના વિદેશ મંત્રી ડૉ. એસ. જયશંકર અને પાકિસ્તાનના વડાપ્રધાન શાહબાઝ શરીફ સાથે અલગ-અલગ વાતચીતમાં આતંકવાદ સામે અમેરિકાની સ્પષ્ટ નીતિ સ્પષ્ટ કરવામાં આવી હતી.

યુએસ ડિપાર્ટમેન્ટ ઓફ સ્ટેટ દ્વારા જાહેર કરાયેલા એક નિવેદન અનુસાર, યુએસ સેક્રેટરી ઓફ સ્ટેટ માર્કો રુબિયોએ આ મુશ્કેલ સમયમાં ભારતને અમેરિકાનો નજીકનો ભાગીદાર ગણાવ્યો અને આતંકવાદ સામેની લડાઈમાં બંને દેશો વચ્ચે વ્યૂહાત્મક સહયોગને વધુ મજબૂત બનાવવાની ખાતરી આપી. ઉપરાંત, યુએસ સેક્રેટરી ઓફ સ્ટેટ માર્કો રુબિયોએ કહ્યું કે આતંકવાદ સામેની લડાઈમાં અમેરિકા ભારતની સાથે ઉભું છે.

પાકિસ્તાન સાથેની વાતચીતમાં, રુબિયોએ ખૂબ જ કડક સ્વરમાં કહ્યું કે હુમલાની નિષ્પક્ષ તપાસ કરવી અને ગુનેગારોને સજા આપવી તે પાકિસ્તાનની જવાબદારી છે. યુએસ ડિપાર્ટમેન્ટ ઓફ સ્ટેટ દ્વારા જારી કરાયેલા એક નિવેદન અનુસાર, પાકિસ્તાનના વડાપ્રધાન શાહબાઝ શરીફ સાથેની વાતચીતમાં, યુએસ સેક્રેટરી ઓફ સ્ટેટ માર્કો રુબિયોએ પાકિસ્તાનના વડાપ્રધાન શાહબાઝ શરીફને સ્પષ્ટ શબ્દોમાં કહ્યું કે પાકિસ્તાને પહેલગામ હુમલાની તપાસમાં સહયોગ કરવો જોઈએ. અમેરિકાએ વાટાઘાટોમાં બંને દેશોને પ્રાદેશિક શાંતિ જાળવવા હાકલ કરી અને ભારતીય વિદેશ પ્રધાન અને પાકિસ્તાની વડા પ્રધાન બંનેને દક્ષિણ એશિયામાં શાંતિ માટે એકબીજા સાથે વાત કરવા કહ્યું, પરંતુ ભારત સાથે એકતા વ્યકત કરી અને તપાસમાં પાકિસ્તાનના સહયોગની માંગ કરી. એ સ્પષ્ટ છે કે આંતરરાષ્ટ્રીય સમુદાય હવે ભારતની સુરક્ષા ચિંતાઓને ગંભીરતાથી લઈ રહ્યો છે.

# ૨૭ નિર્દોષોની હત્યાનો બદલો લઈશું : અમિત શાહ

નવી દિલ્હી, તા.૧

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે પહલગામ હુમલામાં સામેલ આતંકવાદીઓને ચેતવણી આપી છે કે, તેઓ એવું ન વિચારે કે યુદ્ધ જીતી લીધું છે. પહલગામ આતંકી હુમલા બાદ પોતાની પહેલી સાર્વજનિક ટિપ્પણીમાં શાહે કહ્યું કે, "લડાઈ હજુ ખતમ નથી થઈ. તેમણે (આતંકવાદીઓએ) એવું ન વિચારવું જોઈએ કે, અમારા ૨૭ લોકો માર્યા બાદ તેમણે યુદ્ધ જીતી લીધું છે."તેમણે કહ્યું કે, "જો કોઈ કાયરતાપૂર્ણ હુમલો કરવાનું વિચારે છે તો આ તેમની મોટી જીત છે, તો એક વાત સમજી લે, આ નરેન્દ્ર મોદીની સરકાર છે, કોઈને છોડશે નહીં. અમારો સંકલ્પ છે કે આ દેશના દરેક ખૂણામાંથી આતંકવાદને ઉખાડીને ફેંકી દઈશું. ન ફક્ત ૧૪૦ કરોડ ભારતીયો પણ આખી દુનિયા આ લડાઈમાં ભારત સાથે ઊભી છે."અમિત શાહે આગળ કહ્યું કે, "દુનિયાના તમામ દેશો એકજૂટ થઈને ભારતના લોકો સાથે આતંકવાદ વિરુદ્ધ લડાઈમાં ઊભા છે. હું આ સંકલ્પને ફરી રિપીટ કરવા માગું છું કે, જ્યાં સુધી આતંકવાદનો ખાતમો નહીં થાય, અમારી લડાઈ ચાલુ રહેશે અને જેમણે આ કામ કર્યું છે, તેમને નિશ્ચિતપણે યોગ્ય સજા આપવામાં આવશે."કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે કહ્યું કે, "આજે હું જનતાને કહેવા માગું છું કે, અમે ૯૦ના દાયકાથી કાશ્મીરમાં આતંકવાદ વિરુદ્ધ ઝીરો ટોલરેન્સની નીતિ પર મજબૂતીથી લડી રહ્યા છીએ. આજે આતંકીઓએ એવું ન વિચારવું જોઈએ કે, તેમણે અમારા નાગરિકોના જીવ લઈને જંગ જીતી લીધો છે. હું એ તમામ લોકોને કહેવા માગું છું કે જે આતંક ફેલાવે છે, આ લડાઈનો અંત નથી, દરેક વ્યક્તિને જડબાતોડ જવાબ મળશે."

### નરેન્દ્ર મોદીએ ગુજરાતીમાં ટ્વિટ શુભકામના આપી

# ગુજરાત સ્થાપના દિવસ પર રાજ્યભરમાં ઉજવણી કરાઈ

## ગુજરાતના સ્થાપના દિવસ પર પીએમ મોદી, ગૃહમંત્રી અમિત શાહ અને મુખ્યમંત્રીએ શુભકામનાઓ આપી

અમદાવાદ, તા. ૧

૧ મેના રોજ દુનિયાભરના લોકો આંતરરાષ્ટ્રીય મજદૂર દિવસ મનાવે છે. પરંતુ ગુજરાત અને મહારાષ્ટ્ર રાજ્યના લોકો માટે આ દિવસ ખૂબ વિશેષ માનવામાં આવે છે. કારણ કે, આ જ દિવસે આજથી ૬૫ વર્ષ પહેલાં બંને રાજ્યોની સ્થાપના કરવામાં આવી હતી. ગુજરાત સ્થાપના દિવસ પર રાજ્યભરમાં ઉજવણી કરવામાં આવે છે. ગુજરાતના સ્થાપના દિવસ પર વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ પણ ગુજરાતીમાં ટ્વિટ કરીને ગુજરાતની જનતાને શુભકામનાઓ આપી છે. તેમણે એક્સ પર લખ્યું છે કે, "ગુજરાત સ્થાપના દિવસના આ ગૌરવપૂર્ણ અવસરે રાજ્યના નાગરિકોને મારી હાર્દિક શુભકામનાઓપ ગુજરાતે, તેની આગવી સંસ્કૃતિ, ઉદ્યોગસાહસિકતાની ભાવના અને ગતિશીલતાને કારણે એક વિશિષ્ટ ઓળખ ઊભી કરી છે અને, રાજ્યના નાગરિકોએ વિવિધ ક્ષેત્રોમાં ઉત્કૃષ્ટ પ્રદાન કર્યું છે. રાજ્ય પ્રગતિની નવી ઊંચાઈઓ પ્રાપ્ત કરતું રહે એ જ અભ્યર્થના."

તો વળી કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે પણ ગુજરાત સ્થાપના દિવસ પર એક્સ પર પોસ્ટ લખીને રાજ્યની જનતાને શુભકામના આપી છે. તેમણે લખ્યું છે કે, વૈવિધ્યસભર કુદરતી સંપદા, ઐતિહાસિક સાંસ્કૃતિક વારસો અને આતિથ્ય માટે પ્રસિદ્ધ ગુજરાતના સૌ બહેનો અને ભાઈઓને ગુજરાત દિવસની અનેકાનેક શુભેચ્છાઓ. ગુજરાતે હંમેશા પોતાની પ્રતિભા, પરિશ્રમ તેમજ વ્યવહારુ કુશળતા થી વિશ્વભરના લોકોને આકર્ષિત કર્યા છે. ભક્તિ ચળવળથી લઈને સ્વતંત્રતા ચળવળ અને આધુનિક સમય સુધી રાષ્ટ્ર નિર્માણમાં અગ્રણી યોગદાન આપનારા ગુજરાતના લોકોની સતત પ્રગતિ અને ઉન્નતિ માટે દાદા સોમનાથને પ્રાર્થના કરું છું.

આ તરફ ગુજરાતના માનનીય મુખ્યમંત્રી ભૂપેન્દ્ર ભાઈ પટેલે ગુજરાતની જનતાને શુભકામના આપતો સંદેશો આપ્યો છે. તેમણે એક્સ પર લખ્યું છે કે, ગુજરાત રાજ્યના સ્થાપના દિવસ – 'ગુજરાત ગૌરવ દિવસ' ની સૌ ગુજરાતીઓને ખૂબ ખૂબ શુભકામનાઓ. મહાત્મા ગાંધીજી, સરદાર વલ્લભભાઈ પટેલ, શ્યામજી કૃષ્ણ વર્મા, રવિશંકર મહારાજ, ઈન્દુચાચા અને માનનીય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી જેવા લોકસેવકોની પૂણ્યભૂમિ એટલે ગુજરાત. ગુજરાતની યશગાથા અને સમૃદ્ધ વિરાસતમાં દરેક ગુજરાતીનું યોગદાન છે. ગુજરાતના ઘડતરમાં યોગદાન આપનાર નામી-અનામી સૌ ગરવી ગુજરાતીઓના સ્મરણનો આ દિવસ છે. આ વર્ષનો ગુજરાત ગૌરવ દિવસ આપણા માટે પથદર્શક છે. એક દાયકા પછી ૨૦૩૫ માં ગુજરાતની સ્થાપનાનો હીરક મહોત્સવ આપણે ઉજવવાના છીએ. ૨૦૨૫ થી ૨૦૩૫ના આ આખાય દાયકાને "ઉત્કર્ષ ગુજરાત હીરક મહોત્સવ" તરીકે ઉજવવાનો રોડમેપ આપણે તૈયાર કર્યો છે. આ હીરક મહોત્સવ ગુજરાતીઓના સન્માન સાથે સમૃદ્ધ ઈતિહાસ તથા સાંસ્કૃતિક મૂલ્યોની ઉજવણીનો જનઉત્સવ બનવાનો છે. માનનીય મોદીજીના માર્ગદર્શનમાં ગુજરાત દેશનું રોલ મોડલ અને ગ્રોથ એન્જિન બન્યું છે.

હવે, તેઓના દિશાદર્શનમાં વિકસિત ભારત માટે વિકસિત ગુજરાતના નિર્માણનો આપણો નિર્ધાર છે. સૌ ગુજરાતીઓના સહિયારા પુરુષાર્થ અને જનચેતનાથી આપણે ગુજરાતને વિકાસના સર્વોચ્ચ શિખરે પહોંચાડીશું. જય જય ગરવી ગુજરાત.

### પહલગામ હુમલા મામલે બોલ્યા મનિન્દરજીતસિંઘ

# લોકલ પોલીસ અને ઇન્ટેલિજન્સની ક્યાંકને ક્યાંક ખામી રહી ગઇ હશે

## ઓલ ઇન્ડિયા એન્ટિ ટેરેરિસ્ટ ફ્રન્ટના ચેરમેને હુમલામાં મૃત્યુ પામેલા મૃતક પિતા પુત્રના ઘરે શ્રદ્ધાંજલિ અર્પણ કરી

ભાવનગર, તા.૧

જમ્મુ અને કાશ્મીરના અનંતનાગ જિલ્લાના પહલગામમાં મંગળવારે (૨૨મી એપ્રિલ, ૨૦૨૫) થયેલા આતંકવાદી હુમલામાં ત્રણ ગુજરાતીના મોત થયા છે. જેમાં સુરતના શૈલેષભાઈ કળથિયા અને ભાવનગરના પિતા-પુત્ર સ્મિત અને યતીશભાઈ પરમારનું ગોળીબારમાં મોત નીપજ્યું હતું. ત્યારે ઓલ ઈન્ડિયા એન્ટિ ટેરેરિસ્ટ ફ્રન્ટના ચેરમેન મનિન્દરજીત સિંઘ બીટ્ટા ભાવનગરની મુલાકાતે આવ્યા હતા. તેમણે પહેલગામ આતંકવાદી હુમલામાં મૃત્યુ પામેલા કાળિયાબીડના મૃતક પિતા પુત્રના ઘરે શ્રદ્ધાંજલિ અર્પણ કરી સાંત્વના પાઠવી અને તેમના પરિવારજનો સાથે મુલાકાત કરી હતી. આ દરમિયાન મનિન્દરજીત સિંઘ બીટ્ટાએ પત્રકારો સાથે વાતચીત કરતાં જણાવ્યું હતું કે ગુજરાતના લોકોએ વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને અમિત શાહ જેવા નેતા આપ્યા છે. જો આપણને આવા નેતાઓ મળ્યા ન હોત તો આપણું શું થાત. આ બે લોકોએ આર્ટિકલ ૩૭૦ ખતમ કરી નાખી અને કાશ્મીરની સ્થિતિ સામાન્ય કરી દીધી છે. હું ઘણીવાર ગુજરાતની મુકાલે આવ્યું છું, અહીંની પોલીસ સતર્ક જોવા મળે છે. ગુજરાતમાં કોઈ આતંકવાદ નથી.

પહલગામ આતંકવાદી હુમલાની ઘટનામાં લોકલ પોલીસ અને ઈન્ટેલિજન્સની ક્યાંકને ક્યાંક ખામી રહી ગઈ હશે જેથી આતંકવાદીઓને હુમલો કરવાનો મોકો મળી ગયો. આતંકવાદીઓએ ધાર્યું હોત તો હજુ પણ વધુ લોકોને મોતને ઘાટ ઉતારી શક્યા હોત.

તેમણે વધુમાં કહ્યું કે પહલગામ આતંકવાદી હુમલા બાદ દરેક લોકોએ મોતનું કફન બાંધવું પડશે. ઈઝરાયલના દરેક બાળકોની જેમ દરેક ભારતવાસીએ પોતાના દેશ માટે દેશભક્ત બનવું પડશે. હવે સમય આવી ગયો છે, ૭૦ વર્ષની કેન્સરની બીમારીને ઝડમૂળથી દૂર કરવી પડશે. હું પણ કોંગ્રેસી રહી ચુક્યો છું, પણ જે સાચું છે એનો સ્વીકાર કરવો જોઈએ તેમાં રાજકારણ ન જોઈએ. લોકોએ રોડ પર આવી કહેવું પડશે કે મોદીજી જે કરવું હોય તે કરો પણ POK લઈ લો. આગામી ભવિષ્ય માટે ગોળીનો જવાબ ગોળી છે અને રહેશે. મને પ્રધાનમંત્રી પર વિશ્વાસ છે કે તે જે નિર્ણય લેશે તેનો દેશનો દરેક નાગરિક સાથ આપશે. પાકિસ્તાને વારંવાર પીઠ પર ઘા કર્યો છે, હવે જવાબ આપવાનો સમય આવી ગયો છે. કલમ ૩૭૦ હટાવી એ રીતે POK લઈ લો એ જ સાચી શ્રદ્ધાંજલિ હશે.

### સરવેમાં ખુલાસો કરવામાં આવ્યો

# ભારતમાં યુવા અને વૃદ્ધો મધ્યમ વર્ગના લોકોની તુલનાએ સારું જીવન જીવે છે

## ૨૨ દેશોના બે લાખથી વધુ લોકો પર કરવામાં કરવામાં આવેલા અભ્યાસમાં આ ખુલાસો કરવામાં આવ્યો હતો

વોશિંગ્ટન, તા.૧

ભારતમાં યુવા અને વૃદ્ધો મધ્યમ વર્ગના લોકોની તુલનામાં વધુ સમૃદ્ધ બની રહ્યા છે અને તેઓ આ લોકોની તુલનામાં સારું જીવન જીવે છે. ૨૨ દેશોના બે લાખથી વધુ લોકો પર કરવામાં કરવામાં આવેલા અભ્યાસમાં આ ખુલાસો થયો છે. અમેરિકાની હાર્વર્ડ યુનિવર્સિટી અને જર્મનીની બ્રેમેન યુનિવર્સિટીના સંશોધકો દ્વારા હાથ ધરવામાં આવેલ ગ્લોબલ ફ્લોરિશિંગ સ્ટડીનો હેતુ વ્યક્તિઓ અને સમુદાયોના કલ્યાણને નિયંત્રિત કરતા પરિબળોને સમજવાનો છે. સમૃદ્ધિને એવી સ્થિતિ તરીકે વ્યાખ્યાયિત કરવામાં આવી છે, જેમાં વ્યક્તિના જીવનના તમામ પાસાઓ સારા હોય છે. આ અભ્યાસના તારણો નેચર જર્નલમાં પ્રકાશિત કરવામાં આવ્યા છે. સંશોધકોએ જણાવ્યું કે, આર્જેન્ટિના, ઓસ્ટ્રેલિયા, બ્રાઝિલ, સ્વીડન અને અમેરિકા સહિત ઘણા દેશોમાં ઉંમર સાથે વિકાસની પ્રવૃતિ વધે છે, પરંતુ બધા દેશોમાં આવું નથી. ભારત, ઈજિપ્ત, કેન્યા અને જાપાનમાં પેટર્ન કંઈક અંશે -આકારના છે. લોકોને સુખાકારીના પાસાઓ જેમ કે ખુશી, સ્વાસ્થ્ય, અર્થ અને સંબંધોની સાથે-સાથે વસતી વિષયક, સામાજિક, રાજકીય, ધાર્મિક પરિબળો અને બાળપણના અનુભવો વિશે પૂછવામાં આવ્યું હતું. વિશ્વભરમાં પુરુષો અને મહિલાઓએ સમાન પેટર્નની સૂચના આપી. મોટાભાગના દેશોમાં પરિણીત લોકો અપરિણીત લોકો કરતાં વધુ સમૃદ્ધ હોવાનું જાણવા મળ્યું છે. જોકે, ભારત અને તાન્ઝાનિયામાં પરિણીત લોકોની સમૃદ્ધિ અપરિણીત લોકો કરતા ઓછી જોવા મળી છે. રિસર્ચમાં નોકરી કરતા લોકો નોકરી ન કરતા લોકો કરતા વધુ ખુશ જોવા મળ્યા.

ભારત, જાપાન, ઈઝરાયલ વગેરેમાં નોકરી કરતા લોકો કરતાં સ્વ-રોજગાર ધરાવતા, નિવૃત્ત લોકો અને વિદ્યાર્થીઓ વધુ સંતુષ્ટ હોવાનું જાણવા મળ્યું. સંશોધકોએ એ પણ શોધી કાઢ્યું કે વિશ્વભરના યુવાનો પહેલા જેટલું સારું પ્રદર્શન નથી કરી રહ્યા.

### ડ્રાઈવર વિરુદ્ધ તપાસના આદેશ

# નમાઝ પઢવા અધવચ્ચે સરકારી બસ અટકાવી

## આ ઘટનાનો વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થયા બાદ કર્ણાટક પરિવહન વિભાગે તપાસના આદેશ આપ્યા

હાવેરી, તા.૧

કર્ણાટકના હાવેરી જિલ્લામાં એક સરકારી બસ ડ્રાઈવર દ્વારા ફરજ દરમિયાન બસને અધવચ્ચે રોકીને નમાજ પઢવાનો મામલો સામે આવ્યો છે. આ ઘટનાનો વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થયા બાદ કર્ણાટક પરિવહન વિભાગે તપાસના આદેશ આપ્યા છે. ડ્રાઈવરના આ પગલાંથી મુસાફરોને અસુવિધા થઈ અને કેટલાક મુસાફરોએ આ અંગે ફરિયાદ નોંધાવી.

આ ઘટના ૨૯ એપ્રિલના રોજ બની હતી. કર્ણાટક રાજ્ય માર્ગ પરિવહન નિગમ(KSRTC)ની બસ હુબલીથી હાવેરી જઈ રહી હતી. વાયરલ વીડિયોમાં ડ્રાઈવર બસની અંદર એક સીટ પર બેસીને નમાઝ પઢતો દેખાઈ રહ્યો છે. વીડિયોમાં જોઈ શકાય છે કે, ડ્રાઈવર સંપૂર્ણપણે નમાઝમાં લીન છે, જ્યારે કેટલાક મુસાફરો તેને જોઈ રહ્યા છે. બહાર રસ્તા પર ટ્રાફિક સામાન્ય રીતે ચાલી રહ્યો હતો. આ ઘટના હુબલી-હાવેરી રોડ પર જાવેરી નજીક બની હતી. ડ્રાઈવરની ઓળખ એ. કે. મુલ્લા તરીકે થઈ છે.

બસમાં હાજર કેટલાક મુસાફરોએ આ ઘટનાને પોતાના મોબાઈલ ફોનમાં રેકોર્ડ કરી અને સોશિયલ મીડિયા પર શેર કરી. મુલ્લાનો નમાઝ પઢતો હોવાનો વીડિયો હવે વાયરલ થઈ રહ્યો છે. મુસાફરોનું કહેવું છે કે બસને અધવચ્ચે રોકવાથી અમારી મુસાફરીમાં વિલંબ થયો અને અમારે અસુવિધાનો સામનો કરવો પડ્યો. કેટલાક મુસાફરોએ આ અંગે પરિવહન નિગમના અધિકારીઓને ફરિયાદ કરી હતી.

કર્ણાટકના પરિવહન મંત્રી રામલિંગા રેડ્ડીએ આ ઘટનાની નોંધ લીધી અને ઉત્તર પશ્ચિમ કર્ણાટક રોડ ટ્રાન્સપોર્ટ કોર્પોરેશન (NWKRTC) ના મેનેજરને પત્ર લખીને તપાસનો આદેશ આપ્યો છે. તેમણે પોતાના પત્રમાં કહ્યું કે, જાહેર સેવામાં કામ કરતા કર્મચારીઓએ ફરજિયાતપણે અમુક નિયમો અને કાયદાઓનું પાલન કરવું પડે છે. દરેક વ્યક્તિને પોતાના ધાર્મિક પ્રથાઓનું પાલન કરવાનો અધિકાર છે, પરંતુ ફરજના સમય દરમિયાન તે ન કરવું જોઈએ. મુસાફરો સાથે બસને અધવચ્ચે રોકીને નમાઝ પઢવું એ વાંધાજનક છે.

ઉત્તર પશ્ચિમ કર્ણાટક રોડ ટ્રાન્સપોર્ટ કોર્પોરેશન(NWKRTC)ના એક વરિષ્ઠ અધિકારીએ જણાવ્યું કે, ૫૮ વર્ષીય મુલ્લા બે દિવસ પહેલા ફરજ પર હતા ત્યારે નમાઝ પઢતા જોવા મળ્યા હતા. NWKRTCના એક વરિષ્ઠ અધિકારીએ પુષ્ટિ કરી કે ડ્રાઈવર સામે વિભાગીય તપાસ શરુ કરી દેવામાં આવી છે. અધિકારીઓનું કહેવું છે કે અમે વીડિયોની સત્યતા અને ઘટનાના તમામ પાસાઓની તપાસ કરીશું. મુસાફરોની ફરિયાદોના આધારે યોગ્ય કાર્યવાહી કરવામાં આવશે. આ ઘટના વાયરલ થયા બાદ સોશિયલ મીડિયા પર આ મુદ્દા પર તીખી ચર્ચા શરુ થઈ ગઈ છે. કેટલાક લોકોએ ડ્રાઈવરના આ પગલાંને અયોગ્ય ગણાવ્યું અને કડક કાર્યવાહીની માગ કરી છે.

### ADRના રિપોર્ટમાં ખુલાસો

# દેશમાં કુલ ૧૪૩ મહિલા સાંસદ અને ધારાસભ્યોની સામે ક્રિમિનલ કેસ

## ૨૮% મહિલા સાંસદો અને ધારાસભ્યો સામે ક્રિમિનલ કેસ

અમદાવાદ, તા.૧

દેશના રાજકારણને સ્વચ્છ કરવાના આશયથી કલંકિત નેતાઓને દૂર કરવાની સાથે મહિલાઓનું પ્રતિનિધિત્વ વધારવા અંગે વિચાર કરવામાં આવ્યો હતો અને તે માટે ચૂંટણીમાં મહિલા અનામત કાયદો પણ પસાર કરવામાં આવ્યો. જો કે, હાલના એક રિપોર્ટ મુજબ કલંકિત નેતાઓમાં મહિલાઓ પણ પાછળ નથી. દેશમાં ૨૮% મહિલા સાંસદો અને ધારાસભ્યો સામે ક્રિમિનલ કેસ નોંધાયા છે.

દેશમાં નેતાઓ અને ચૂંટણી પ્રક્રિયા પર નજર રાખતી સ્વયંસેવી સંસ્થા એડીઆરના રિપોર્ટમાં જણાવાયું કે, દેશમાં ૧૭ મહિલા સાંસદ અને ધારાસભ્યોએ પોતાને અબજોપતિ જાહેર કરી છે જ્યારે ૨૮% મહિલા સાંસદો અને ધારાસભ્યો સામે ક્રિમિનલ કેસ નોંધાયેલા છે. લોકસભામાં ૭૫ મહિલા સાંસદોમાંથી ૬ જ્યારે રાજ્યસભામાં ૩૭ માંથી ૩ અને રાજ્યો અને કેન્દ્રસાશિત પ્રદેશોમાં ૪૦૦ મહિલા ધારાસભ્યોમાંથી ૮ અબજોપતિ છે.

દેશમાં વર્તમાન કુલ ૫૧૩ મહિલા સાંસદો અને ધારાસભ્યોમાંથી ૫૧૨ એ રજૂ કરેલા સોગંદનામાના આધારે એડીઆર દ્વારા રિપોર્ટ તૈયાર કરવામાં આવ્યો છે. આ રિપોર્ટમાં જણાવાયું છે કે ૧૪૩ એટલે કે ૨૮% મહિલા સાંસદો અને ધારાસભ્યોએ તેમની સામે ક્રિમિનલ કેસ નોંધાયા હોવાનું જાહેર કર્યું છે. રિપોર્ટ મુજબ લોકસભાના ૭૫ મહિલા સાંસદોમાંથી ૩૨% એટલે કે ૨૪, રાજ્યસભાનાં ૩૭ માંથી ૧૦ એટલે કે ૨૭% અને ૪૦૦ મહિલા ધારાસભ્યોમાંથી ૧૦૯ એટલે કે ૨૭%નો ૧૪૩ મહિલા સાંસદો અને ધારાસભ્યોમાં સમાવેશ થાય છે. આ સિવાય કુલ ૭૮ મહિલા સાંસદો-ધારાસભ્યો પર હત્યા અને હત્યાના પ્રયત્ન જેવા ગંભીર ક્રિમિનલ આરોપોનો સામનો કરી રહ્યાં છે, તેમાં લોકસભાનાં ૧૪(૧૯%), રાજ્યસભાનાં ૭ (૧૯%) અને ૫૭ મહિલા ધારાસભ્યો સામે ગંભીર ક્રિમિનલ કેસ નોંધાયા હોવાનું જાહેર કર્યું છે.

રિપોર્ટ મુજબ કેટલાક રાજ્યોમાં ક્રિમિનલ રેકોર્ડ ધરાવતાં મહિલા સાંસદોની સંખ્યા ઘણી વધુ છે. બિહાર સંભવતઃ સૌથી વધુ ૧૫ મહિલા સાંસદો-ધારાસભ્યો સાથે આ યાદીમાં ટોચ પર છે. બિહારમાં ૩૫માંથી ૧૫ મહિલા સાંસદો-ધારાસભ્યો સામે ક્રિમિનલ કેસ છે.

પક્ષની દ્રષ્ટિએ જોવામાં આવે તો ભાજપમાં સૌથી વધુ કુલ ૨૧૭ મહિલા સાંસદો છે, જેમાંથી ૨૩% સામે ક્રિમિનલ કેસ છે. કોંગ્રેસમાં કુલ ૮૩ મહિલા સાંસદો-ધારાસભ્યોમાંથી ૩૪% પર ક્રિમિનલ કેસ છે. એ જ રીતે ટીડીપીમાં ૬૫%, આમ આદમી પાર્ટીમાં ૬૯% સામે ક્રિમિનલ કેસ નોંધાયેલા છે. દેશમાં કુલ ૫૧૨ મહિલા સાંસદો અને ધારાસભ્યોની કુલ જાહેર સંપત્તિ રૂ. ૧૦,૪૧૭ કરોડ છે, જેમાં પ્રત્યેક મહિલા નેતાની સરેરાશ સંપત્તિ રૂ. ૨૦.૩૪ કરોડ છે.

આંધ્ર પ્રદેશમાં સૌથી વધુ ૨૪ મહિલા સાંસદ-ધારાસભ્ય ધનકુબેર છે, જેમની સરેરાશ સંપત્તિ રૂ. ૭૪.૨૨ કરોડ છે. આ સિવાય મહિલા સાંસદો-ધારાસભ્યોની શૈક્ષણિક યોગ્યતાની વાત કરવામાં આવે તો ૭૧% સ્નાતક છે અથવા ઊચ્ચ ડિગ્રી ધરાવે છે. ૨૪% એ ધો. ૫થી ૧૨ સુધીનો અભ્યાસ કર્યો છે જ્યારે ૧૨ મહિલા સાંસદો-ધારાસભ્યો પાસે ડિપ્લોમાની ડિગ્રી છે. અન્ય ૧૨ નેતાઓ પોતાને માત્ર સાક્ષર ગણાવ્યા છે.

### NIAની FIRમાં પહલગામ હુમલા અંગે ખુલાસો

# પાકિસ્તાને જ આતંકવાદીઓને હથિયાર આપ્યાનો ખુલાસો

## સરહદ પારથી હેન્ડલર્સે હુમલાને અંજામ આપ્યો હતો

નવી દિલ્હી, તા.૧

પહલગામમાં થયેલા આતંકવાદી હુમલા મુદ્દે મોટો ખુલાસો થયો છે. એફઆઈઆરમાં ખુલાસો થયો છે કે, આ હુમલામાં આતંકવાદીઓએ પાકિસ્તાની હથિયારોનો ઉપયોગ કર્યો હતો. સરહદ પારથી હેન્ડલર્સે હુમલાને અંજામ આપ્યો હતો. એનઆઈએ હુમલાની યોજના ક્યાં ઘડવામાં આવી હતી, તેની તપાસ કરી રહી છે. પહલગામ આતંકવાદી હુમલાની એફઆઈઆરમાં ઘણા મોટા ખુલાસા કરવામાં આવ્યા છે. જેમાં પાકિસ્તાનમાં બેઠેલા હેન્ડલર્સે આ હુમલાનું ષડયંત્ર ઘડ્યું હતું. તેણે આતંકવાદીઓને ભારતમાં પહોંચાડવામાં મદદ કરી હતી. હેન્ડલર્સે આતંકવાદીઓને હથિયાર ઉપલબ્ધ કરાવ્યા હતા. આ હુમલામાં પાકિસ્તાની હથિયારોનો ઉપયોગ થયો હતો. આ હુમલા બાદ કુલ આઠ કલમોમાં એફઆઈઆર નોંધાઈ છે. ભારતીય ન્યાય સંહિતા (BNS) ૨૦૨૩ની કલમ ૧૦૩, ૧૦૯, ૬૧, ૭, ૨૭, ૧૬, ૧૮ અને ૨૦ હેઠળ એફઆઈઆર નોંધવામાં આવી છે.

પહલગામ આતંકી હુમલાની તપાસ એનઆઈએ કરી રહી છે. એનઆઈએના ચીફ બેસરન ખીણ પહોંચી હુમલાની તપાસ કરી રહ્યા છે. સ્થાનિકોના નિવેદનો લેવાઈ રહ્યા છે. તેમજ સંદિગ્ધોની પૂછપરછ પણ થઈ રહી છે.

આ આતંકી હુમલા બાદ ભારત અને પાકિસ્તાન વચ્ચે તંગદિલી વધી છે. એકબાજુ પાકિસ્તાન વિશ્વ સમક્ષ ચિંતા વ્યક્ત કરી રહ્યું છે કે, ભારત ગમે-ત્યારે તેના પર યુદ્ધ કરશે. જ્યારે બીજી બાજુ પાકિસ્તાની સેના સતત સીઝફાયરનું ઉલ્લંઘન કરી રહી છે. તેણે ઉરી અને અખનૂર સહિતના વિસ્તારોમાં ગોળીબાર શરુ કર્યા છે. ભારતીય સેનાએ તેનો જડબાતોડ જવાબ આપ્યો હતો.

એક મીડિયા રિપોર્ટમાં ખુલાસો થયો છે કે, પાકિસ્તાનની સેનાના હથિયારોનો ઉપયોગ અવારનવાર ભારત વિરુદ્ધ આતંક ફેલાવવા માટે થયો છે. જે પાકિસ્તાન આતંકવાદને સમર્થન અને પોષી રહ્યો હોવાની ખાતરી કરે છે. આતંકવાદી હુમલામાં આતંકીઓની તસવીરોમાં તેમની પાસે જોવા મળેલા હથિયારો પાકિસ્તાની સેનાના હોવાનો દાવો કરવામાં આવ્યો છે.

### હજી કેન્દ્ર સરકારે અટારી-વાઘા બોર્ડર ખુલ્લી રાખી

# કેન્દ્ર સરકારે પાકિસ્તાનીઓ માટે ડેડલાઈન વધારી દીધી

નવી દિલ્હી, તા.૧

પહલગામમાં થયેલા આતંકવાદી હુમલા બાદ કેન્દ્ર સરકાર સતત પાકિસ્તાન વિરૂદ્ધ કાર્યવાહી કરી રહી છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વ હેઠળ તાબડતોડ નિર્ણયો લેવાઈ રહ્યા છે. સરકારે ભારતમાં રહેતાં પાકિસ્તાનીઓને પોતાના દેશ પરત ફરવા માટે ૪૮ કલાકનો સમય આપ્યો હતો. જેની સમય મર્યાદા પૂર્ણ થઈ હોવા છતાં હજી ભારતમાં પાકિસ્તાનના નાગરિકો હાજર છે. કેન્દ્ર સરકારે વર્તમાન સ્થિતિને ધ્યાનમાં રાખતાં આ ડેડલાઈન આગામી આદેશ સુધી લંબાવી છે.

કેન્દ્ર સરકારે ૩૦ એપ્રિલ સુધી પાકિસ્તાનીઓને પોતાના વતન પરત ફરવા કડક આદેશ આપ્યો હતો. જો કે, હજી કેન્દ્ર સરકારે પાકિસ્તાનીઓને પરત મોકલવા અટારી-વાઘા બોર્ડર ખુલ્લી રાખી છે. સરકારની પ્રથમ ડેડલાઈન દરમિયાન છેલ્લા છ દિવસમાં ૫૫ રાજદ્વારીઓ, આશ્રિતો અને સહાયક કર્મચારીઓ સહિત ૭૮૬ પાકિસ્તાની નાગરિક અટારી-વાઘા બોર્ડર પરથી પાકિસ્તાન પરત ફર્યા છે.

પંજાબમાં આવેલી આંતરરાષ્ટ્રીય સરહદ મારફત પાકિસ્તાનમાંથી ૧૪૬૫ ભારતીયો પરત વતન ફર્યા છે. જેમાં ૨૫ રાજદ્વારીઓ અને અધિકારી સામેલ છે. ભારતીય વિઝાધારક ૧૫૧ પાકિસ્તાની પણ ભારત પરત ફર્યા છે. જમ્મુ-કાશ્મીરના પહલગામમાં ૨૨ એપ્રિલના રોજ આતંકવાદીઓએ અંધાધૂંધ ગોળીબાર કરી પર્યટકો પર હુમલો કર્યો હતો. જેમાં ૨૬ લોકોની હત્યા કરી દેવામાં આવી હતી. આ હુમલા બાદ કેન્દ્ર સરકારે પાકિસ્તાની નાગરિકોને ત્રણ દિવસની અંદર ભારત છોડવા આદેશ આપ્યો હતો. જેમાં મેડિકલ વિઝા ધારકોના વિઝા ૨૯ એપ્રિલના રદ કર્યા હતા. પહેલાં ૨૬ એપ્રિલ સુધી તમામ પાકિસ્તાનીઓને ભારત છોડવા આદેશ આપ્યો હતો. જ્યારે પ્રોફેશનલ, બિઝનેસ, ફિલ્મ, પત્રકાર, સંમેલન, પર્વતારોહણ, વિદ્યાર્થી, પ્રવાસી, ગ્રૂપ ટુરિઝમ, તીર્થયાત્રી વિઝા ૨૭ એપ્રિલના રદ કર્યા હતા. અધિકારીઓએ જણાવ્યા પ્રમાણે, ૨૯ એપ્રિલના ૧૧ રાજદ્વારીઓ અને અધિકારીઓ સહિત કુલ ૪૬૯ ભારતીયો પાકિસ્તાનથી પરત ફર્યા છે. ૨૮ એપ્રિલના ૧૪૬ ભારતીય, ૨૭ એપ્રિલના એક રાજદ્વારી સહિત ૧૧૬ ભારતીય, ૨૬ એપ્રિલના રોજ ૧૩ રાજદ્વારીઓ અને અધિકારીઓ સહિત ૩૪૨ ભારતીય પરત આવ્યા છે. ૨૫ એપ્રિલના ૨૮૭ અને ૨૪ એપ્રિલના રોજ ૧૦૫ ભારતીય વતન આવ્યા હતાં.

### વડેરા ખાતે રક્તદાન કેમ્પનું આયોજન



વડેરા, તા. ૧

ગુજરાત સ્થાપના દિવસ નિમિત્તે આયુષ્યમાન આરોગ્ય મંદિર વડેરા અને ગ્રામ પંચાયત વડેરાના સયુંકત ઉપક્રમે વડેરા ગામ ખાતે રકતદાન કેમ્પનું આયોજન કરવામાં આવેલ. આ કેમ્પમાં વડેરા ગામમાંથી ૨૦ યુનિટ બ્લડ અને રંગપુર ગામમાથી ૧ યુનિટ બ્લડ આમ કુલ ૨૧ યુનિટ બ્લડ એકત્રિત કરવામાં આવેલ. આ કેમ્પને સફળ બનાવવા માટે વડેરા ગામના પ્રથમ નાગરિક સરપંચ ભરતભાઈ હપાણી, જીલ્લા પંચાયત બાંધકામ સમિતિના ચેરમેન પ્રવિણભાઈ માગરોલીયા, મેડીકલ ઓફીસર મોટા આંકડીયા ડો. કીર્તીબેન મણવર, આયુષ્યમાન આરોગ્ય મંદિર વડેરાના સ્ટાફ સપનાબેન રાણવા, કિરણબેન દુધાત, ડી. જીરાજયગુરૂ, બીલકીસબેન ભટ્ટી, કાજલબેન જાદવ અને અમરેલી શાંતાબા બ્લડ બેન્કનો સ્ટાફ ઉપસ્થિત રહેલ. આ ઉપરાંત વડેરા ગામમાંથી સતીસભાઈ દેવાણી, કમલેશભાઈ દેથળિયા, વિજયભાઈ બારૈયા, રાજુભાઈ નાકરાણી, પરેશભાઈ માગરોલીયા, પ્રફુલભાઈ માગરોલીયા, રહીમભાઈ ભટ્ટી, હસમુખભાઈ ચોવટીયા ઉપસ્થિત રહેલ.

### યુદ્ધ જહાજો પણ એલર્ટ પર : રિપોર્ટ

# ગુજરાતના તટ નજીક નૌસેનાનું ગ્રીન નોટિફિકેશન

## ભારતીય નૌકાદળે સુરક્ષાના ભાગરૂપે ગઈકાલથી ગુજરાતના તટ નજીક મોટાપાયે સૈન્ય અભ્યાસ શરૂ કરી દીધો છે

અમદાવાદ, તા.૧

પહલગામમાં આતંકી હુમલો થયા બાદ ભારત અને પાકિસ્તાન વચ્ચે ભારેલા અગ્નિ જેવી સ્થિતિ થઈ ગઈ છે. એકતરફ ભારત સરકારે સેનાને તમામ પ્રકારની છૂટ આપી છે, તો બીજીતરફ પાકિસ્તાન પણ યુદ્ધના ભયથી એલર્ટ થઈ ગયું છે. ભારતીય નૌકાદળે સુરક્ષાના ભાગરૂપે ગઈકાલથી ગુજરાતના તટ નજીક મોટાપાયે સૈન્ય અભ્યાસ શરૂ કરી દીધો છે. આ સૈન્ય અભ્યાસ ૩૦ એપ્રિલથી ત્રણ મે સુધી ચાલશે. આ દરમિયાન કોઈપણ અસામાન્ય પ્રવૃત્તિને લઈ યુદ્ધજહાજોને એલર્ટ પર રખાયા છે.

ભારતીય નૌકાદળએ તાજેતરમાં જ દૂર દૂર સુધીના ટાર્ગેટ પર સટિક હુમલાની તૈયારીના ભાગરૂપે મિસાઈલોનું ટેસ્ટિંગ હાથ ધર્યું હતું. આ દરમિયાન યુદ્ધજહાજોથી અનેક એન્ટી-શિપ મિસાઈલ ફાયરિંગ કરી સફળતાપૂર્વક ટેસ્ટિંગ કરાયું હતું. હવે ભારતીય નૌકાદળે અનેક પ્રકારના સૈન્ય અભ્યાસો શરૂ કરી દીધા છે અને તેમાં મિસાઈલ ફાયરિંગ અને યુદ્ધાભ્યાસ સહિતની બાબતો સામેલ છે. સત્તાવાર સૂત્રોના જણાવ્યા મુજબ આગામી દિવસોમાં હજુ વધુ સૈન્ય અભ્યાસો અને પ્રદર્શનો યોજવાની યોજના છે. ભારતીય કોસ્ટ ગાર્ડે પણ ગુજરાતના તટથી દૂર આંતરરાષ્ટ્રીય દરિયાઈ સરહદ પાસે જહાજ તહેનાત કર્યા છે. અહીં દેરખેર વધારવા માટે કોર્સ્ટ ગાર્ડ અને નૌકાદળ સાથી મળીને કામ કરી રહ્યા છે. ભારતીય નૌકાદળના પ્રવક્તાએ સોશિયલ મીડિયા એક્સ પર કહ્યું કે, 'અભ્યાસનો મુખ્ય હેતુ લાંબા અંતરના સટીક આક્રમક હુમલાઓ માટે પ્લેટફોર્મો, સિસ્ટમ અને ચાલક દળની તત્પરતા અને મનોબળ વધારવા માટેનો છે. ભારતીય નૌકાદળે અરબી સમુદ્રમાં યુદ્ધજહાજો તહેનાત કર્યા છે. નૌકાદળની ક્ષમતા, તત્પરતા અને ભારતીય દરિયાઈ સરહદોની સુરક્ષા કરવાનો અભ્યાસનો મુખ્ય ઉદ્દેશ્ય છે.

### તાત્કાલિક દેશ છોડવાનું કહેવામાં આવ્યું

# ૨૬ વર્ષથી પોલીસમાં કાર્યરત, હવે સરકારે કહ્યું તમે પાકિસ્તાની છો

## ભારત સરકારે તમામ પાકિસ્તાની નાગરિકોને દેશ છોડી દેવાનો આદેશ આપ્યો છે. ત્યારથી મુશ્કેલીમાં મુકાયા

જમ્મુ, તા.૧

જમ્મુ અને કાશ્મીરના પૂંછમાં એક પોલીસકર્મી સહિત ૯ જણના પરિવારની અટકાયત કરવામાં આવી હતી. આ પછી ૩૦ એપ્રિલે, તેમને પાકિસ્તાન પરત મોકલવા માટે પંજાબ લઈ જવામાં આવ્યા. આ સમયગાળા દરમિયાન, જમ્મુ અને કાશ્મીર હાઈકોર્ટના એક આદેશની અવગણના કરવામાં આવી હતી. જાણીએ કે આ ઓર્ડર શું હતો.

આ લોકોને પાકિસ્તાન મોકલવાની જરૂર એટલા માટે ઊભી થઈ છે કારણ કે પાકિસ્તાન અને પાકિસ્તાન અધિકૃત કાશ્મીર (POK) ની સેંકડો મહિલાઓએ જમ્મુ અને કાશ્મીરના રહેવાસીઓ સાથે લગ્ન કર્યા છે. પહલગામ આતંકવાદી હુમલા બાદ, ભારત સરકારે તમામ પાકિસ્તાની નાગરિકોને દેશ છોડી દેવાનો આદેશ આપ્યો છે. ત્યારથી, આવા પરિવારો મુશ્કેલીમાં મુકાયા છે.

જેમાં જમ્મુ અને કાશ્મીર પોલીસના કોન્સ્ટેબલ ઈફ્તિખાર અલી, તેના ત્રણ ભાઈઓ અને પાંચ બહેનોને પંજાબ મોકલવામાં આવ્યા છે. પીટીઆઈના અહેવાલ મુજબ, કોન્સ્ટેબલ ઈફ્તિખાર અલી હજુ પણ જમ્મુ અને કાશ્મીર પોલીસમાં ફરજ બજાવી રહ્યા છે અને હાલમાં માતા વૈષ્ણો દેવી મંદિરના કટરા બેઝ કેમ્પમાં તૈનાત છે.

ઈફ્તિખાર અલીની પત્નીએ મીડીયાને જણાવ્યું કે, અમારા ત્રણ બાળકો છે અને તેના પિતાને પાકિસ્તાન મોકલવા માટે લઈ જવામાં આવ્યા છે. ઈફ્તિખાર અલીએ ૨૬ વર્ષ સુધી જમ્મુ અને કાશ્મીર પોલીસમાં કામ કર્યું, તો હવે તે પાકિસ્તાની કેવી રીતે બન્યો?

૨૯ એપ્રિલના રોજ, પરિવારે આવી કાર્યવાહી પર રોક લગાવવા માટે જમ્મુ અને કાશ્મીર હાઈકોર્ટમાં અરજી કરી હતી. કોર્ટે કહ્યું કે, અરજદારોને જમ્મુ-કાશ્મીર છોડવા માટે ન તો કહેવામાં આવે કે ન તો તેમને દબાણ કરવામાં આવે. જસ્ટીસ રાહુલ ભારતીએ પૂંચના ડેપ્યુટી કમિશનરને અરજદારોની મિલકતની સ્થિતિ અંગે સોગંદનામું દાખલ કરવાનો આદેશ પણ આપ્યો હતો. કોર્ટના આદેશ બાદ, અલીની પત્નીએ ડેપ્યુટી કમિશનર અને સિનિયર સુપરિન્ટેન્ડેન્ટ ઓફ પોલીસ (SSP) બંનેનો સંપર્ક કરવાનો પ્રયાસ કર્યો. પરંતુ ક્યાંયથી કોઈ મદદ મળી નહીં. તેણી કહે છે કે, મને સમજાતું નથી કે કોર્ટના આદેશ છતાં મારા પતિને પંજાબ કેમ લઈ જવામાં આવ્યો?

# ધારી તાલુકામાં ૮૪૯ ખેડુતોએ ચણાના ટેકાના ભાવનો લાભ લીધો, રૂા. ૭.૭૩ કરોડથી વધુ રકમ ખેડુતોના બેંક ખાતામાં જમાં



ગુજરાતના ખેડુતોના આર્થિકરક્ષણમાટેતેમનાઉત્પાદનોના પોષણક્ષમભાવમળીરહેતેહેતુથીરાજય સરકારદ્વારાવર્ષ૨૦૨૪–૨૫માટેચણા અને રાયડાની ટેકાના ભાવથી ખરીદી કરવામાં આવે છે. ચણાના પાક માટે પ્રતિકિવન્ટલ રૂા.૫,૬૫૦ભાવનિયત કરવામાંઆવ્યાછે.આમુજબમણદીઠ ટેકાનો ભાવ રૂા. ૧,૧૩૦ છે. ટેકાના ભાવ કરતા બજારભાવ નીચા જાય ત્યારે ભારત સરકારની પીએમ આશા (પ્રધાનમંત્રી અન્નદાતા આય સંરક્ષણ અભિયાન) યોજના અંતર્ગત પી.એમ.એસ. હેઠળ રાજયમાં ચણાના પાકની ટેકાના ભાવે ખરીદી કરવા માટેનો નિર્ણયલેવામાંઆવ્યોછે.ધારીખેતઉત્પન્ન બજાર સમિતિ (માર્કેટિંગયાર્ડ) ખાતે ધારી ખેડુત કૃષિ ઉત્પાદન અને પ્રોસેસીંગ સહકારીમંડળીલી. (એફ.પી.ઓ) ધ્વારા ચાલુરવીૠતુમાં ૮૪૯ખેડુતોએચણાના ટેકાના ભાવનો લાભ લીધો હતો. ટેકાના ભાવથી ચણાનીખરીદીઅંતર્ગતખેડુતોના ખાતામાંકુલરૂા.૭.૭૩કરોડથીવધુરકમ સીધી જ (ડાયરેકર બેનિફિટ ટ્રાન્સફર) જમાં કરવામાં આવી હતી. ચાલુ રવી ૠતુમાંધારીતાલુકાનાંચણાનીજણસીના ટેકાના ભાવથી વેચાણ માટે ૪,૨૯૭ ખેડુતોએનોંધણીકરાવીછે.ધારીખેડુતકૃષિ ઉત્પાદનઅનેપ્રોસેસીંગસહકારી મંડળી લી.ચેરપર્સન ભાવનાબેન ગોંડલિયાએ જણાવ્યું કે આ વર્ષે ધારી માર્કેટિંગ યાર્ડ ચણાનીઆવકજિલ્લાનાઅન્યમાર્કેટિંગ યાર્ડ કરતા વધુ છે. ખેડુતોને કોઈપણ પ્રકારનીહાલાકીનોસામનો ન કરવો પડે અનેખેડુતોનેતેમનીજણસીનાવેચાણની કુલ રકમ સમયસર ઝડપથી મળે તેવી આગવી વ્યવસ્થા આ એફ.પી.ઓ ધ્વારા કરવામાં આવી છે. ખેડુતોને બજારભાવની સરખામણીએ વધુ સારા ભાવ મળે છે. ટેકાના ભાવથી નીતિ ખેડુતોનીઆવકબમણીકરવામાંમદદરૂપ બની રહી છે. ધારી ખેત ઉત્પન્ન બજાર સમિતિ (માર્કેટિંગ યાર્ડ) ખાતે ટેકાના ભાવથીચણાનુંવેચાણકરવામાટેઆવેલ ધારગણીનાખેડુતવિનુભાઈ ડોબરીયાએ જણાવ્યુંકેબજારમાંચણાનોમણદીઠભાવ કુલરૂા.૮૫૦થીરૂા.૯૫૦સુધીછે.જયારે સરકાર અમને ટેકાના ભાવે ચણાનો મણદીઠભાવકુલરૂા. ૧,૧૩૦આપેછે. અમનેબજાર કરતા વધુ સારા પોષણક્ષમ ભાવ મળે છે. ટેકાના ભાવ માટ અમે સરકારનો આભાર વ્યકત કરીએ છીએ. ધારીખેડુતકૃષિઉત્પાદનઅનેપ્રોસેસીંગ સહકારી મંડળી લી. ધ્વારા ત્રણ વર્ષથી એફ.પી.ઓ. તરીકે કામગીરી કરવામાં આવીરહીછે.આમંડળીમાં૧,૮૦૦જેટલા ખેડુતોસભાસદતરીકેજોડાયાછે.મંડળીનાં કસ્ટમહાયરીંગસેન્ટર ખાતે ડ્રોનથી લઈને તમામપ્રકારનાઆધુનિકસાધનોઉપલબ્ધ છે. જેનો લાભ ખેડુતો રૂા.૧૦૦ના નજીવા ટોકન દરે લઈ રહ્યા છે. ખેડુતોને સભાસદ બનવાની સાથે શરૂઆતથી જ ૨૦ ટકા ડિવિડન્ડ આપવામાં આવે છે. આ એફ.પી.ઓનેછેલ્લા ત્રણ વર્ષમાં નેશનલ કો–ઓપરેટિવ ડેવલપમેન્ટ સોસાયટી અંતર્ગતનીકુલરૂા. ૩૩લાખજેટલીગ્રાન્ટ ફાળવવામાં આવી છે. આ ઉપરાંત મૂલ્યવર્ધન સુવિધાઓ વિકસાવવા (વેલ્યુ એડીશન) માટે કલીનીંગ, શોર્ટેક્ષ અને પેકેજિંગ માટે કેન્દ્ર સરકાર ધ્વારા રૂા. ૨ કરોડની સબસિડી આપવામાં પણ આવીછે.

## પાના ૮ ઉપરનું ચાલું સાવરકુંડલા ખાતે ભાજપ દ્વારા

પ્રધાનમંત્રી અને મુખ્યમંત્રી તેમજ સાવરકુંડલાનાંધારાસભ્યનાંફોટાસાથે લગાડીને ભારતીય જનતા પાર્ટીનાં પદાધિકારીઓદ્વારાશુભેચ્છાપાઠવતા લગાડવામાં આવેલ છે, આ પાર્ટી દ્વારા લાજવાની જગ્યાએ ગાજવા જેવું કામ કરીરહીછે, બેમુખીતલાવારનુંકામઆ સાશકપાર્ટી દ્વારા કરવામાં આવી રહ્યું છે. મુખમાં રામ અને બગલ માં 'સૂરી' યુક્તિઅજમાવીરહ્યાછેમાત્રમોટીમોટી વાતો કરીને લોકોને ગુમરાહ કરવામાં આવીરહ્યાછેઅનેપોતાનોસ્વાર્થસાંધવા માટે ગમે તેવા ભોળી પ્રજાને ચશ્માં પહેરામણી કરવામાં આવી રહ્યા છે.

આમ ક્રિકેટ મહાસંગ્રામ નાવલીપ્રીમિયર લિંગનું ઉદ્ઘાટન સામે સાવરકુંડલા શહેર કોંગ્રેસ પ્રમખ વિજયભાઈ (કનુભાઈ) ડોડીયા તેમજ સાવરકુંડલા શહેર કોંગ્રેસ કાર્યકારી પ્રમુખ હસુભાઈ સુચક દ્વારા શાબ્દિક પ્રહારો કરીને વિરોધ કરવામાં આવી રહ્યો છે.

## પાના ૧ ઉપરનું ચાલું બાબરાનાં એક જ પરિવારનાં

ઘટનાસ્થળે મોત નિપજયું હતું અને જય તેમજ તેની પત્ની એકતાબેનને ભાવનગર હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડવામાં આવેલ હતા જયાં રાતના જયનું નિધન થયું હતું અને બીજા દિવસે તા. ૧/૫ ના રોજ પુત્રવધુ એકતાનું સવારે નિધન થયું હતું.

અહીં જીતુભાઈ પાટીદાર પોતાના પિતા અને પુત્રની અંતિમયાત્રા વિધિ પૂર્ણ કરી બપોરના ઘરે આવ્યા ત્યાં પુત્રવધુના સમાચાર મળતા પરિવાર તૂટી અને ભાંગી ગયો હતો. સાંજે પાંચ કલાકે બે જીવ સાથે ગર્ભવતી પુત્રવધુની અંતિમયાત્રા નીકળતા પરિવાર શોકાતુર બની ગયો હતો.

જીતુભાઈ પાટીદાર બાબરના જાણીતા જીનીંગ ઉદ્યોગપતિ હોવાથી સમગ્ર શહેર અને તાલુકાના અને જિલ્લાના લોકો સ્મશાન યાત્રામાં દોડી આવ્યા હતા અને પાટીદાર પરિવારને સાંત્વના પાઠવી હતી. અહીં સૌ કોઈ રડી રહ્યા હતા. ગોઝારી ઘટનામાં પાટીદાર પરિવારનો માળો વિખાય ગયો. આગામી તા. ૪/૫ ને રવિવારના રોજ મરનાર એકતાબેનનું શ્રીમંત હતું પરિવાર ખુશીમાં હતો ત્યારે આ ગોઝારી ઘટના બનતા પરિવાર શોકમાં ડૂબી ગયો હતો.

## ખાંભામાં ઉનાળાની ગરમીમાં ગાયને તરબુચનું વિતરણ



તસ્વીર : ભાવિક કલસરિયા–ખાંભા

ખાંભા, તા.૧

ખાંભા શહેરમાં સેવા યજ્ઞ ગ્રુપ દ્વારા દાતાઓના સાથ સહકારથી મૂંગા પશુ પક્ષી માટે વિવિધ સેવાઓ કરવામાં આવે છે. તેમાં ભગવાન પરશુરામ દાદાની જન્મ જયંતિ નિમિતે તેમજ અખાત્રીજના પવિત્ર દિવસે અને કાળઝાળ ગરમીને ધ્યાને લઈને મૂળ ખાંભાના વતન પ્રેમી યોગદાન ઠાકર તરફથી રખડતી ભટકતી ગાયો માટે ૨૫ મણ તરબુચ સેવા યજ્ઞ ગ્રુપને અર્પણ કરતા સેવા યજ્ઞ ગ્રુપના યુવાનો દ્વારા તરબુચનું કટીગ કરી ગાય માતાને જુદા જુદા વિસ્તારો ઉપર જય તરબુચનું ભોજન કરાવ્યું હતું. આ સેવા કાર્યમાં એડવોકેટ રાજુભાઈ હરિયાણી તેમજ સેવાયજ્ઞ ગ્રુપનાં તમામ મેમ્બરો હોય તન સેવા આપવામાં આવી હતી.

## પાના ૧ ઉપરનું ચાલું લાઠીનાં મુસ્લિમ પરિવારનાં

જ ધારેલું હોય, જેથી રાજસ્થાનના અજમેરની એક હોટલ નાઝમાં રોકાયા હતા.

ત્યારે આ પરિવાર જે હોટલમાં રોકાયા હતા. તે હોટલ નાઝમાં આજે સવારે શાર્ટ સર્કિટ અથવા તો કોઈ કારણોસર આગ લાગી જતા અમરેલી જિલ્લાના લાઠી ગામે રહેતો આ પરિવાર આગની લપેટમાં આવી ગયો હતો. જેમાં એક જ પરિવારના અલ્ફેઝભાઈ હાઢંનભાઈ નૂરાની (ઉ.વ.૩૦), સબનમબેન અલ્ફેઝભાઈ નૂરાની (ઉ.વ.૨૬) તથા અરમાન અલ્ફેઝભાઈ નૂરાની (ઉ.વ.૪) મોતને ભેટ્યા હતા.

ત્યારે બનાવ અંગે લાઠી પંથકમાંજાણ થતાં અને પતિ, પત્નિ અને બાળકના મોતના સમાચાર વાયું વેગે પ્રસરી જતાં લાઠી ગામમાં શોકનું મોજુ ફરી વળ્યું હતું.

## પાના ૮ ઉપરનું ચાલું બાબરામાં મર્કેન્ટાઈલ ક્રેડિટ

કર્મચારીઓને ગ્રેજયુટીની રકમ કર્મચારીઓનો અધીકાર હોવા છતાં પુરી ચુકવણું કરવામાં આવતું નથી અને તેમાં પણ ભ્રષ્ટાચાર થયો હોવાની શંકા છે.

મરકન્ટ ક્રેડિટ કોપરેટીવમાં મેનેજીંગ ડાયરેકટર તરીકે કોણ સેવા આપે છે તેની જાણ સભાસદોમાં પણ નથી અને શહેરના લોકોને પણ નથી આમ સહકારી સંસ્થાના ચેરમેન ડો.ચૌહાણ સામે શાખામાં બેફામ વહીવટ સામે ગંભીર આક્ષેપો થતા શહેરના સહકારી રાજકારણમાં અનેક તર્ક વિતર્ક જોવા મળી રહ્યા છે અને ભારે ચર્ચા જાગી છે એક તરફ નાગરિક બેંકમાં આખું બોર્ડ સભાસદોમાં દ્વારા ચૂંટણી આ બદલી નાખતા માત્ર ૬ મહિનામાં બેન્કનો વહીવટ ખુબજ પારદશક અને બેન્ક તેમજ સભાસદોના હિતમાં જોવા મળ્યો છે તો શું મરકન્ટઈલ ક્રેડીટ ઓપરેટિવમાં માં આવું ન થઈ શકે શુ અહીં ચૂંટણી થશે શુ આ સહકારી સંસ્થાનો કયારેક વિકાસ નહિ થાય માત્ર શાસકોનો વિકાસ થશે તેવા અનેક સવાલ શહેરની જનતા અને સભાસદોમાં ગનગણવા લાગ્યા છે.

## રાજુલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ | ૭૨૧ | ૯૬૪ |
| ૨ | તલ સફેદ | ૧૫૦૦ | ૧૮૬૦ |
| ૩ | તલ પીળા | ૧૮૩૫ | ૧૮૩૫ |
| ૪ | કપાસ | ૧૨૦૦ | ૧૫૦૨ |
| ૫ | બાજરો | ૪૭૦ | ૫૪૭ |
| ૬ | ઘઉં ટુકડા | ૫૨૫ | ૫૯૦ |
| ૭ | જુવાર | ૬૦૦ | ૮૫૧ |
| ૮ | મગ | ૧૨૧૪ | ૧૨૧૪ |
| ૯ | તુવેર | ૧૧૫૦ | ૧૨૫૧ |
| ૧૦ | ચણા | ૯૦૦ | ૧૦૭૫ |
| ૧૧ | રાય | ૧૦૮૧ | ૧૦૮૧ |
| ૧૨ | સોયાબીન | ૭૮૪ | ૭૯૮ |
| ૧૩ | એરંડી | ૧૧૪૩ | ૧૧૪૩ |

## અમરેલી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શિંગ મઠડી | ૮૫૦ | ૧૦૨૧ |
| ૨ | શીંગ મોટી | ૭૫૦ | ૧૦૫૪ |
| ૩ | શિંગાદાણા ફાડા | ૯૦૦ | ૧૩૧૧ |
| ૪ | તલ સફેદ | ૧૫૦૦ | ૧૯૦૧ |
| ૫ | જુવાર | ૬૮૫ | ૬૮૫ |
| ૬ | ઘઉં ટુકડા | ૩૫૮ | ૫૮૦ |
| ૭ | ઘઉં લોકવન | ૪૪૦ | ૫૩૪ |
| ૮ | મકાઈ | ૨૯૫ | ૩૭૦ |
| ૯ | મગ | ૧૬૫૬ | ૧૬૫૬ |
| ૧૦ | ચણા | ૭૨૦ | ૧૦૬૯ |
| ૧૧ | ચણા દેશી | ૧૦૯૬ | ૧૧૦૧ |
| ૧૨ | ચણા સફેદ | ૬૬૦ | ૧૦૯૩ |
| ૧૩ | તુવેર | ૬૫૦ | ૧૩૨૦ |
| ૧૪ | કપાસ | ૮૬૦ | ૧૫૪૦ |
| ૧૫ | એરંડા | ૧૦૫૫ | ૧૧૫૨ |
| ૧૬ | જીરૂ | ૩૫૦૦ | ૩૮૩૦ |
| ૧૭ | ધાણા | ૧૦૦૦ | ૧૪૯૦ |
| ૧૮ | ધાણી | ૧૧૫૫ | ૧૬૦૦ |
| ૧૯ | મેથી | ૬૦૫ | ૮૩૬ |
| ૨૦ | સોયાબીન | ૬૯૫ | ૭૮૫ |
| ૨૧ | મરચા લાંબા | ૨૩૦ | ૧૬૦૦ |
| ૨૨ | દેશી મરચા | ૨૫૦ | ૩૪૫૦ |
| ૨૩ | વરીયાળી | ૧૪૦૦ | ૧૪૦૦ |
| ૨૪ | કાંગ | ૩૮૫ | ૫૩૦ |

## અવસાન નોંધ

**અમરેલી :** અમરેલી નિવાસી સ્વ. ભીખાલાલ જીવનભાઈ વસાણીના ધર્મપત્ની રમાબેન (ઉ.વ. ૮૫) તે ભાવેશભાઈ તથા નરેશભાઈના માતુશ્રી તા. ૧ ગુરૂવારના રોજ શ્રીજી ચરણ પામેલ છે.

## લીલીયા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૨૯૯ | ૧૩૬૭ |

## બાબરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ શંકર | ૧૪૨૦ | ૧૫૫૦ |
| ૨ | કપાસ મીડીયમ | ૧૨૭૦ | ૧૩૯૦ |
| ૩ | મગફળી | ૯૯૫ | ૧૦૦૫ |
| ૪ | જીરૂ | ૩૭૧૦ | ૪૩૦૦ |
| ૫ | ઘઉં | ૪૬૫ | ૫૨૫ |
| ૬ | ધાણા | ૧૨૯૦ | ૧૪૧૦ |
| ૭ | ચણા | ૧૦૫૬ | ૧૦૮૪ |
| ૮ | એરંડા | ૧૦૪૫ | ૧૧૬૫ |

## બગસરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૨૫૦ | ૧૪૭૭ |
| ૨ | ઘઉં લોકવન | ૩૫૪ | ૫૩૦ |
| ૩ | ઘઉં ટુકડા | ૪૩૩ | ૪૯૨ |
| ૪ | ચણા | ૯૦૦ | ૧૦૬૦ |
| ૫ | મેથી | ૬૧૫ | ૭૯૦ |
| ૬ | ધાણા | ૭૦૦ | ૧૧૯૦ |
| ૭ | તલ સફેદ | ૧૩૫૫ | ૧૬૯૦ |
| ૮ | મગફળી | ૮૦૦ | ૮૯૦ |
| ૯ | જુવાર | ૫૪૦ | ૫૪૦ |
| ૧૦ | તુવેર | ૮૦૦ | ૧૧૯૦ |
| ૧૧ | શીંગદાણા | ૧૦૨૦ | ૧૨૪૦ |
| ૧૨ | સોયાબીન | ૬૦૦ | ૭૬૦ |
| ૧૩ | મગ | ૧૪૪૦ | ૧૪૪૦ |
| ૧૪ | રાય | ૧૦૦૦ | ૧૦૨૦ |
| ૧૫ | રાયડો | ૮૫૦ | ૮૫૦ |
| ૧૬ | ચણા સફેદ | ૧૦૨૦ | ૧૦૨૦ |
| ૧૭ | એરંડા | ૬૦૦ | ૮૦૦ |

## ખાંભા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૨૦૦ | ૧૪૮૦ |
| ૨ | મગફળી | ૮૦૦ | ૮૦૦ |
| ૩ | ચણા દેશી | ૧૧૦૧ | ૧૧૦૧ |
| ૪ | જુવાર સફેદ | ૬૨૨ | ૬૬૪ |
| ૫ | તુવેર | ૧૧૫૦ | ૧૧૫૦ |
| ૬ | ઘઉં | ૬૧૦ | ૬૧૦ |
| ૭ | જીરૂ | ૪૦૮૦ | ૪૦૮૦ |

## ધારી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | મગફળી | ૯૫૧ | ૯૫૧ |
| ૨ | ઘઉં લોકવન | ૪૭૧ | ૫૦૧ |
| ૩ | ચણા | ૯૬૬ | ૧૦૬૮ |
| ૪ | તુવેર | ૧૧૯૫ | ૧૩૦૦ |
| ૫ | ધાણા | ૧૦૭૦ | ૧૧૦૦ |
| ૬ | એરંડા | ૯૭૮ | ૧૧૬૩ |
| ૭ | જીરૂ | ૩૭૭૫ | ૩૭૭૫ |
| ૮ | શીંગ દાણા | ૧૩૦૦ | ૧૩૦૦ |
| ૯ | બાજરો | ૪૦૫ | ૪૧૫ |
| ૧૦ | મેથી | ૮૨૫ | ૮૨૫ |


**શ્રી અમરેલી જિલ્લા લેઉવા પટેલ ચેરીટેબલ ટ્રસ્ટ સુરત(અમરેલી)**

Ad 023

**સંકુલ ઈંગલીશ મિડીયમ – સ્કૂલ કોલેજ શીફ્ટ**

| | |
|---|---|
| ★ ધો. ૧ થી ૧૦ GSEB સવાર | ★ BA(Psy-Soc-Eng) કોલેજ બપોર - GM |
| ★ ધો. ૧ થી ૧૦ ICSE સવાર | ★ B.Com.(EM - GM) કોલેજ બપોર |
| ★ ધો. ૧૧ – ૧૨ EM કોમર્સ સવાર | ★ BBA કોલેજ બપોર |
| ★ ધો. ૧૧ – ૧૨ EM સાયંસ સવાર | ★ BCA કોલેજ સવાર |
| ★ પ્રિ. સ્કૂલ – EM સવાર | ★ B.Sc(માઈક્રો – BT) કોલેજ સવાર |
| ★ પ્રિ. સ્કૂલ – GM સવાર – બપોર | ★ જ્ઞાનશક્તિ ગર્લ્સ સ્કૂલ સવાર - GM |


## :: જાહેર નોટિસ ::

આથી હું નીચે સહી કરનાર શ્રી **વિમલ પી. પોપટ (એડવોકેટ)** અમરેલીનાં તે અમારા અસીલ **ધવલકુમાર બીપીનચંદ્ર જીવાણી,** રહે.અમરેલી, તા.અમરેલી, જિ.અમરેલી વાળાની મળેલ સુચના અને ફરમાઈસ અનુસાર આ જાહેર નોટીસ આપી જણાવવાનું થાય છે કે,

અમારા અસીલો કે જેઓ અમરેલી જીલ્લાના અમરેલી તાલુકાનાં અમરેલી ગામે રહે છે અને તેઓએ અમરેલી જિલ્લાના અમરેલી તાલુકાના અમરેલી ગામે રેવન્યુ સર્વે નં. ૩૩૧ પૈકી માં આવેલ પ્લોટ નં. ૭૯ પૈકી, જેનું ક્ષેત્રફળ ૬૦–૦૦ ચો.મી. વાળી મિલ્કત ધરાવે છે. તેનો ઉતરોતર રજી. વેચાણ દસ્તાવેજ નં.૧૯૧૯, તા.૦૩/૧૦/૨૦૦૧ થી જે મનહરલાલ છોટાલાલ લશ્કરીના કુ.મુ. ધીરજલાલ ખીમજીભાઈ રૈયાણી પાસેથી રેખાબેન ભરતભાઈ કાબરીયાએ ખરીદ કરેલ તે દસ્તાવેજની અસલપ્રત હાલ અમારા અસીલ કે તેઓને મિલ્કત વેચનાર પાસે હાલ ઉપલબ્ધ ન હોય, અને ઉતરોતર દસ્તાવેજ શોધખોળ કરવા છતાં અમોના અસીલ પાસેથી હાલ મળી આવેલ નથી. આ દસ્તાવેજો જો કોઈના કબજા હેઠળ રહેલો હોય અગર તો આ દસ્તાવેજનો આધાર રાખી કોઈ ત્રાહીત ઈસમે વ્યકિત, સંસ્થા કે મંડળી અગર તો બેંકે તેના ઉપર તારણ ઉપસ્થિત કરેલ હોય અગર તો ઉપરોકત વિગતવાળી મિલ્કત પરત્વે કોઈપણ ઈસમને કંઈપણ પ્રકારનો લાગભાગ – હકક–હિત કે હિસ્સો ધરાવતા હોય અગર તો આ મિલ્કત ઉપર તારણ ઉપસ્થિત કરવા સંબંધે કોઈપણ ઈસમને વાંધો, તકરાર કે વચકો રહેલો હોય તો તેઓએ **દિન–૭** માં નીચેનાં સરનામે લેખીતમાં જણાવશો અન્યથા આ મિલ્કત સંપુર્ણ ટાઈટલ કલીયર કબજા ભોગવટા સાથેની હોવાની માની અમારા અસીલ આ મિલ્કત સંબંધેનો આગળનો વ્યવહાર કરશે અને કોઈનો વાંધો તકરાર કે હરકત રહેલ નથી તેમ માની અગર તો તેઓએ વેવ કરેલ છે તેમ માની આગળની કાર્યવાહી કરશે જેથી આ નોટીસ પ્રસિધ્ધ થયાનાં મુદત સમય બાદ કોઈપણ ઈસમનો

**વિમલ પી. પોપટ,** એડવોકેટ
સેવાસદન થી સીવીલ હોસ્પિટલ રોડ, જીલ્લા પંચાયત ઓફીસ પાછળ, અમરેલી – ૩૬૫૬૦૧
મો.નં.: ૯૪૨૮૭ ૯૩૪૨૦

# ચિત્તલ ગામે તળાવ ઉંડા કરવાની કામગીરીનો શુભ આરંભ થયો



જન સંગઠન ચિતલ – જશવંતગઢ – ટીંબા – સુરત ટીમ દ્વારા ગુજરાત વિધાનસભાના નાયબ મુખ્ય દંડક કૌશિકભાઈ વેકરીયા અને શ્રી સ્વામનારાયણ ગુરૂકુળના સ્વામીજી શ્રી હરીચરણ સ્વામીના વરદ્ – હસ્તે શુભ આરંભ કરવામાં આવ્યો. જન સંગઠન ટીમ સુરત તેમજ ચિત્તલ – જશવંતગઢ અને ધોળકિયા ફાઉન્ડેશન– સુરત, હરિકૃષ્ણ ગૃપ તેમજ ગુજરાત સરકારની સુજલામ – સુફલામ યોજના દ્વારા, સતત ૩ વાળા તળાવમાં આજરોજ ઉંડું ઉતારવાની કામગીરીની શરૂઆત આ તળાવમાં અંદાજીત ૪૦,૦૦૦ ઘનમિટર ખોદકામ કરવાનો સંકલ્પ કરવામાં આવેલ છે. આ તળાવ દ્વારા ચિત્તલ–જશવંતગઢ તેમજ મોણપુર ના ખેડુત અને ગ્રામજનોને મોટા પ્રમાણમાં લાભ મળશે આ પ્રસંગે ઉપસ્થિત આગેવાનો સુરેશભાઈ પાથર, ચેતનભાઈ ધાનાણી, પ્રમુખ તાલુકા ભાજપ અને જન સંગઠન ટીમ, વિજયભાઈ નાડોદા, ડો. અજયભાઈ દેસાઈ, રમેશભાઈ માંગરોળીયા (શિવમ) ઉદયભાઈ સાવલિયા, મયુરભાઈ પાનેલીયા, મહેશભાઈ બાવરીયા, વિજયભાઈ દેસાઈ, અમરશીભાઈ નાડોદા, કં.ડી.પાલડીયા, જયસુખભાઈ સોરઠીયા, ભગ્રેશ સરધારા, ભાવેશભાઈ દેસાઈ, રાજુભાઈ લીંબાચીયા, વિપુલભાઈ પાનેલીયા, તાલુકા ભાજપ ટીમ પ્રકાશભાઈ ભેડા, રણજીતભાઈ વાળા, અરવિંદભાઈ કાકડીયા, બળભદ્રભાઈ આહિર, તેમજ ગામના આગેવાન, જયસુખભાઈ દેસાઈ,રાજુભાઈ ધાનાણી, રઘુવીરસિંહસરવૈયા, મનસુખભાઈ નાડોદા, જયંતિભાઈ દેસાઈ, ઝાલા ચૌહાણ, દિનેશભાઈ નાડોદા, શરદભાઈ નાડોદા, શ્રાવણભાઈ ડાભી, લાભુભાઈ ચિત્રોડા તથા સમસ્ત ગ્રામજનો ખુબ જ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહયા હતા.

### કે.કે. પારેખ કોમર્સ કોલેજ ખાતે

## અમરેલી જિલ્લાનાં કોઈપણ વિદ્યાર્થીઓ નજીવા દરે કોમ્પ્યુટર દ્વારા રોજગારલક્ષી વર્ગોમાં જ્ઞાન મેળવી શકશે

### સંસ્થાના વડા વસંત ગજેરાએ કોમ્પ્યુટર સેન્ટર અર્પણ કર્યુ



અમરેલી, તા.૧

ગુજરાત રાજયના પ્રથમ મુખ્યમંત્રી ડો. જીવરાજભાઈ મહેતા દ્વારા સ્થાપિત અમરેલી જિલ્લા વિદ્યાસભા સંચાલિત શ્રી કે.કે. તારેખ કોમર્સ કોલેજ ખાતે ૨૦ અદ્યતન કોમ્પ્યુટર સિસ્ટમ સાથે બનાવવામાં આવેલ નુતન કોમ્પ્યુટર સેન્ટરને વિદ્યાર્થી જગતને તારીખ ૨૬ એપ્રિલના રોજ વસંતભાઈ ગજેરાએ વિદ્યાર્થીને અર્પણ કરેલ અને વિદ્યાર્થીઓને પ્રથમ પ્રવેશ કરાવી એક વિદ્યાર્થી સંદેશ પણ આપેલ.

હાજર રહેલા વિદ્યાર્થીઓ અને અધ્યાપકોને ગજેરાએ જણાવ્યું હતું કે અમરેલી શહેર જિલ્લાનાં કોઈ પણ વિદ્યાર્થીઓ નજીવા દરે કોમ્પ્યુટર દ્વારા રોજગારલક્ષી વર્ગોમાં જ્ઞાન મેળવી શકશે તેમજ કોઈ પણ વિદ્યાર્થીને આ કોમ્પ્યુટર સેન્ટરમાં પ્રવેશ આપવામાં આવશે. ઉપરાંત વધુમાં વાતચીતોમાં જણાવ્યું હતુ કે વર્તમાન સમયે ટેકનોલોજીનો સમય છે. ત્યારે સર્વોએ ટેકનોલોજી સાથે તાલ–મેલ કરી પોતાની વ્યવસાયલક્ષી કારકિર્દી બનાવવાની તાતી જરૂરીયાત છે ત્યારે આ નવનિર્મિત કોમ્પ્યુટર સેન્ટરમાં ચાલતા વિવિધ કોર્ષમાં નજીવા દરે શિક્ષણ મેળવી શકાશે એમ ને વધુમાં વિશ્વાસ વ્યકત કર્યો હતો કે હવે આ આપનો જિલ્લો પણ ટેકનોલોજી સાથે સુસંગત થઈ દેશ અને દુનિયાનો દેશો સાથે કામ કરી રોજગારી મેળવી શકાશે. છેવાડાનો વિદ્યાર્થી પણ આ વિદ્યાર્થી અર્પણ થયેલા સેન્ટરનો લાભ લઈ શકાશે. તેમને વધુમાં ઉમેર્યુ હતું કે ભૂતકાળને ભૂલી જઈ વર્તમાનને સાથે કદમ મિલાવી ભવિષ્યની કેડી કંડારીએ અને સર્વ ટેકનોલોજી ક્ષેત્ર સાથે આધુનિકતા કેળવી સમાજ અને રાષ્ટ્ર નિર્માણમાં યોગદાન આપીએ.

આ કોમ્પ્યુટર સેન્ટર વિદ્યાર્થીને અર્પણ કરતી વખતે કે.કે. પારેખ કોમર્સ કોલેજના ઈન્ચાર્જ આચાર્ય ભારતીબેન ફીણવીયા તેમજ અધ્યાપકો જે.એમ. તળાવીયા, વાય.એચ. ઠાકર, વાય.કે. કયાડા વગેરે તેમજ અમરેલી જિલ્લા વિદ્યાસભાના સી.કે. ખુંટ, સી.પી. ગોંડલીયા તેમજ શાળાના શૈક્ષણીક વિભાગના નિયામક વી.એન. પેથાણી, સી.એ. ગજેરા વગેરે ઉપસ્થિત રહેલ.

## જાફરાબાદ : સરકેશ્વર મહાદેવનાં સાંનિધ્યમાં શિક્ષકોને વિદાય અપાઈ



તસ્વીર : ભરત બારૈયા–જાફરાબાદ

જાફરાબાદ, તા.૧

જાફરાબાદ ખાતે આવેલ પારેખ મહેતા હાઈસ્કુલમાં દીર્ઘકાલિન શિક્ષક તરીકે ફરજ બજાવતા નિષ્ઠાવાન અને મૂલ્યવાન શિક્ષકો પૈકી ત્રિવેદી મુકેશકુમાર, હસમુખભાઈ ઢગલ, નારણભાઈ સાગઠીયા, જયેશભાઈ પંડયા, સારસવતોની અન્ય સ્કુલમાં બદલી થતા તેઓને સન્માન સમારોહ યોજવામાં આવ્યો હતો. આ સન્માન સમારોહમાં શિક્ષકોનું શાલ ઓઢાડી તેમજ ફુલહારથી સન્માનિત કરવામાં આવ્યા હતા. આ સન્માન સમારોહમાં પારેખ મહેતા હાઈસ્કુલ ના શૈક્ષણિક અને બિન શૈક્ષણિક સ્ટાફ ઉપસ્થિત રહ્યો હતો અને આ સમારોહમાં નિવૃત શિક્ષક એચ.એમ. ધોરી, સૌદરવા તેમજ પૂર્વનિયામક રામાનંદી તેમજ નિવૃત શિક્ષક ભવાનગરી નિમંત્રિત મહેમાન ઉપસ્થિત રહ્યા હતા. અને ત્રિવેદી મુકેશભાઈએ તેમજ કલ્પેશભાઈએ સંસ્કૃતમાં શ્લોક બોલી સન્માનમાં વધારો કર્યો હતો. તેમજ ઢગલએ પારેખ મહેતા હાઈસ્કુલના ગુણગાન ગાતું ગીત રજૂ કર્યુ હતું ત્રિવેદી મુકેશકુમારે પણ ગીતો રજૂ કર્યા હતા. ઉપરોકત શિક્ષકોની બદલીઓ થતા દુઃખ અને ખુશીની મિશ્ર લાગણી જોવા મળી હતી. બદલી થનાર શિક્ષકોને હાર્દિક શુભેચ્છાઓ પાઠવી હતી અને અંતમાં મધુર ભોજન સૌએ સાથે લીધુ હતું. આ ભોજન સમારંભ નિવૃત તરફથી રાખવામાં આવેલ હતું. આ કાર્યક્રમ રંગે પૂર્ણ થયો હતો.

### સાસંદ, ધારાસભ્ય અને નાયબ દંડકની ઉપસ્થિતિમાં

## સાવરકુંડલા ખાતે નાવલી પ્રીમિયર લીગનો ઉત્સાહભેર થયો પ્રારંભ

### સમગ્ર વિસ્તારની ૫૬ ટીમો ભાગ લેશે



સાવરકુંડલા, તા. ૧

સાવરકુંડલા વિધાનસભામા રમતપ્રેમીઓ માટે ક્રિકેટનો મહાકુંભ નાવલી પ્રીમિયર લીગનો ભવ્ય શુભારંભ પ્રસંગે સૌ પ્રથમ દીપ પ્રાગટ્ય કરીને પહલગામના શહીદોને શ્રદ્ધાંજલિ આપવામાં આવી આ ટૂર્નામેન્ટનું ઉદ્ઘાટન નાયબ દંડક કૌશિકભાઈ વેકરીયા લોકસભા સાંસદ, ભરતભાઈ સુતરીયા યુવા નેતા તેમજ લોકપ્રિય ધારાસભ્ય મહેસભાઈ કસવાલા, ધારાસભ્ય જનકભાઈ તળાવિયા મહાનુભાવોની નાવલી પ્રીમિયર લીગ (એન.પી.સી.એલ)નો ભવ્ય પ્રારંભ કરવામાં આવ્યો.

પ્રારંભિક દિવસથી જ ટૂર્નામેન્ટમાં સાવરકુંડલા વિધાનસભાની વિવિધ ૫૬ ટીમો વચ્ચે રોમાંચક મુકાબલો શરૂ થયો છે. આયોજકો દ્વારા પ્રશસ્ત વ્યવસ્થાઓ અને ઉત્કૃષ્ટ આયોજન કરાયું છે.આ ક્રિકેટ મહાકુંભ સમગ્ર વિસ્તારમાં રમતગમતની નવી ઉર્જા ફૂંકશે. આ તકે નાયબ દંડક કૌશિકભાઈ વેકરીયા, લોકસભા સાંસદ ભરતભાઈ સુતરીયા યુવા નેતા તેમજ લોકપ્રિય ધારાસભ્ય મહેસભાઈ કસવાલા, ધારાસભ્ય જનકભાઈ તળાવિયા, જિલ્લા ભાજપ પ્રમુખ અતુલભાઈ કાનાણી બક્ષીપંચ મોરચાના મંત્રી મયુરભાઈ માંજરીયા, માર્કેટિંગ યાર્ડ ચેરમેન દિપકભાઈ માલાણી, શહેર ભાજપ પ્રમુખ અનિરૂદ્ધસિંહ રાઠોડ, નગરપાલિકા પ્રમુખ મેહુલભાઈ ત્રિવેદી, તાલુકા ભાજપ પ્રમુખ રજનીભાઈ ડોબરિયા, તાલુકા પંચાયત પ્રમુખ જીતુભાઈ કાછડિયા, લીલીયા ભાજપ પ્રમુખ જીગ્નેશભાઈ સાવજ લીલીયા તાલુકા પંચાયત પ્રમુખ કાનજીભાઈ નાકરાણી, પ્રાંત કલેકટર, પી.જી.વી.સી.એલ. ડી.ઈ. ચોધરી સાહેબ, તેમજ સાવરકુંડલા નગરપાલિકા સદસ્યો, તાલુકા પંચાયત લીલીયા, સાવરકુંડલા સદસ્યો, જિલ્લા ભાજપ, શહેર, તાલુકા ભાજપ હોદેદાર તેમજ સાવરકુંડલા વિધાનસભાના ક્રિકેટ પ્રેમીઓ બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા તેમ તેવુ સત્વ અટલધારા કાર્યાલયના ઈન્ચાર્જ જે.પી. હીરપરાએ અખબારી યાદીમાં જણાવ્યું છે.

## ખાંભા ખાતે ચામુંડા માતાજીનો ૨૪ કલાકનો નવરંગો માંડવો યોજાયો



અહેવાલ : ભાવિક કલસરીયા–ખાંભા

ખાંભા, તા.૧

ખાંભા ખાતે દેવેરા પરિવાર આંગણે ચામુંડા માતાજીનો ૨૪ કલાકના નવરંગા માંડવાનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું માંડવામાં રાવળદેવ નામી અનામી કલાકારો ડાક ડમરૂની ભારે રમઝટ બોલાવી હતી. અને મોટી સંખ્યામાં નવરંગો માંડવો જોવા માટે ઉમટી પડયા હતા તેમજ રાજકીય આગેવાનો તેમજ ભુવાજી તેમજ સાધુસંતો સહિત ઉપસ્થિત રહ્યા હતા. અને સાથે મહાપ્રસાદનું પણ આયોજન કર્યુ હતું અને મોટી સંખ્યામાં મહાપ્રસાદ ભકતજનોએ લાભ લીધો હતો. આ સમગ્ર આયોજન દેવેરા પરિવારના ભુવાજી રતિભાઈ, અશ્વિનભાઈ, જીવનભાઈ ચંદુભાઈ દેવેરા તેમજ દેવેરા પરિવાર સહિત ભારે જહેમત ઉઠાવી અને સમગ્ર આયોજનને સંચાલન એડવોકટ રાજુભાઈ હરિયાણી ધ્વારા કરવામાં આવ્યું હતું. આ નવરંગા માંડવાનું આયોજન ખાંભા દેવેરા પરિવાર ધ્વારા કરવામાં આવ્યું હતું.

### અનુસૂચિત જાતિ, વિકસતી જાતિ અને અનુસૂચિત જનજાતિના વિદ્યાર્થીઓને વિનામુલ્યે પ્રવેશ

## અમરેલી ખાતે આવેલ આદર્શ નિવાસી શાળામાં પ્રવેશ પ્રક્રિયા શરૂ

### તા.૩૧મે સુધી પ્રવેશ માટે ઓનલાઈન ફોર્મ ભરી શકાશે

અમરેલી, તા.૧

અમરેલી સ્થિત આદર્શ નિવાસી શાળામાં શૈક્ષણિક વર્ષ ૨૦૨૫–૨૬ માટે ધોરણ ૯ તથા ૧૦ માટે પ્રવેશ પ્રકિયા શરૂ છે. આદર્શ નિવાસી શાળામાં ધોરણ ૯ તથા ધો.૧૦માં અનુસૂચિત જાતિ અને જનજાતિના વિદ્યાર્થી અને વિદ્યાર્થીનીઓને મેરિટના આધારે જ પ્રવેશ આપવામાં આવે છે.

તેમને રહેવા–જમવા ઉપરાંત સ્ટેશનરી, તેલ, સાબુ, બુટ–મોજા વગેરે સુવિધા સાથે વિનામૂલ્યે પ્રવેશ સુવિધા ઉપલબ્ધ છે. આ શાળામાં પ્રવેશ માટે તા.૩૧ મે ૨૦૨૫ સુધી વેબસાઈડ https;//esamajkalyan.gov.in પરથી ઓનલાઈ ફોર્મ ભરી શકાશે. વિદ્યાર્થીનું આધારકાર્ડ, જાતિનો દાખલો, રહેઠાણનો પુરાવો (રેશનકાર્ડ), બેંન્કપાસ બુકની નકલ, વિધવા, ત્યકતા, અનાથનું પ્રમાણપત્ર અને આવકનો દાખલો અપલોડ કરવા.

પ્રવેશ મળ્યેથી ઓનલાઈન ભરેલા ફોર્મની પ્રિન્ટ સાથે ઉકત પ્રમાણપત્રો માટે અસલમાં તથા દરેકની ઝેરોક્ષ કોપી સાથે શાળામાં જમાં કરાવવા તેમ અમરેલી આદર્શ નિવાસી શાળાના આચાર્યએ એક અખબારી યાદીમાં જણાવ્યું છે.

### ભાજપ કિસાન મોરચાનાં અગ્રણી હિરપરાની માંગ

## લીલીયામોટા: ખેડુતોને સમયસર ખાતર મળી રહે તે માટે રેલ્વે રેન્ક પોઈન્ટ શરૂ કરો

### કેન્દ્રીયમંત્રી જે.પી નડાને પત્ર પાઠવામાં આવ્યો


અમરેલી, તા.૧

અમરેલી જિલ્લો એ ખેતી આધારિત જિલ્લો છે. ત્યારે ખેતીવાડી વાવેતરમાં રાસાયણિક ખાતરોની મોટી માંગ રહે છે. અમરેલી જિલ્લામાં હાલ ટ્રાન્સપોર્ટ મારફતે વિતરકી સુધી ડી.એ.પી. અને યુરીયા પહોચાડવામાં આવે છે. મોટાભાગે જુનાગઢ અથવા ભાવનગર રેલ્વે રેન્ક પોઈન્ટથી પણ ખાતરની ફાળવણી કરવામાં આવે છે. ફાળવણી બાદ કયારેક સમયસર ટ્રકો ન મળવો પહોચાડવામાં વિલંબ જેવી ઘટના બને છે. અને મોડું ખાતર મળે છે. ભૂતકાળમાં અમરેલી જિલ્લાના ખેડુતોને રાસાયણિક ખાતર પૂરું પાડવા માટે રેલ્વે વિભાગ ધ્વારા લીલીયા ખાતે રેન્ક પોઈન્ટ ફાળવવામાં આવેલ પરંતુ હાલ ચાર–પાંચ વર્ષથી તે બંધ કરવામાં આવતા ફરી શરૂ કરવા માટે કેન્દ્રીય રેલ્વે ફર્ટિલાઈઝર મંત્રી જે.પી. નડ્ડા, કેન્દ્રીય કૃષિમંત્રી શિવરાજસિંહ ચૌહાણ, કેન્દ્રીય મંત્રી અશ્વિની વૈષ્ણવને ગુજરાત ભાજપ કિસાન મોરચાના મહામંત્રી હિરેન હિરાપરાએ રજુઆત કરી છે.

# અમરેલી ભાજપ કાર્યાલય ખાતે ડો. આંબેડકર સન્માન અભિયાન અંગે ચર્ચાઓ થઈ



અમરેલી : તા.૧/૫/૨૦૨૫ અમરેલી જીલ્લા ભાજપ કાર્યાલય ખાતે જીલ્લા ભાજપ પ્રમુખ અતુલભાઈ કાનાણીના પ્રમુખ સ્થાને ભાજપ અનુ. જાતિ. મોર્ચાના આગેવાનો સાથે એક અગત્યની બેઠક બોલાવવામાં આવેલ, આ બેઠકમાં આગામી કાર્યક્રમો અંગેની ચર્ચા–વિચારણા કરવામાં આવેલ, પ્રદેશ ભાજપના માર્ગદર્શન મુજબ આગામી તા. ૫મે સુધીમાં અનુ.જાતિ. સમાજના પ્રતિષ્ઠીત આગેવાનો, સામાજિક આગેવાનો અને પ્રબુદ્ધ લોકોનો સંપર્ક કરવામાં આવશે અને સરકારની વિવિધ કલ્યાણકારી યોજનાઓની માહિતી આપવામાં આવશે તેમજ સમાજમાં સમરસતાનો ભાવ ઉભો કરાશે. આ સન્માન અભિયાનમાં સાંસદ, ધારાસભ્યઓ, જીલ્લા પંચાયત, તાલુકા પંચાયત, નગરપાલિકાના પદાધિકારીઓ ચુટાયેલા સભ્યઓ સહીત સંગઠના જવાદાર પદાધિકારીઓ સહીત જીલ્લા સ્તરના વિવિધ મોરચાના પદાધિકાઓ, ગ્રામ્ય કક્ષાએ અને શહેરી મહોલામાં પ્રવાસકરીની દલિતસમાજના નિવાસસ્થાને બેઠકો અને લોક સંપર્કો કરશે સમાજના વિવિધ ક્ષેત્રના આગેવાનો, સમાજ સેવકો શિક્ષણવિદો તેમજ ધાર્મિક આગેવાનોનો સંપર્ક કરવા માટે અમરેલી જીલ્લાભરમાંથી ૧૨૫ ઉપરાંત આગેવાનોની ફોજ આ અભિયાનને સફળ બનાવવા માટે ગ્રામ્ય અને શહેર કક્ષાએ પ્રવાસ કરશે. આજની મળેલ આ બેઠકમાં જીલ્લા ભાજપ મહામંત્રી મેહુલભાઈ ધોરાજીયા, સન્માન અભિયાન કાર્યક્રમના ઈન્ચાર્જ/સહ ઈન્ચાર્જ મનોજભાઈ મહીડા, સંદીપભાઈ સોલંકી, સાગરભાઈ સરવૈયા સહિત સર્વ વાલજીભાઈ વિઝુંડા, મુકેશભાઈ બગડા, પ્રવીણભાઈ ચાવડા, રવજીભાઈ ચૌહાણ, સુનિલભાઈ માધડ, મુકેશભાઈ પરમાર, ચેતનભાઈ દાફડા, જીતુભાઈ બથવાર, લલિતભાઈ મારૂ, હીરાભાઈ મકવાણા, મધુભાઈ ચાવડા, ચતુરભાઈ સરવૈયા તેમ જીલ્લા ભાજપ કાર્યાલય મંત્રી મહેન્દ્રભાઈ ચાવડાએ અખબાર યાદીથી જણાવ્યું હતું.




## અમરેલી તરફથી જતાં, ચિતલ તરફથી આવતા વાહનોની વરસડા માર્ગ પરથી આવતાં વાહનો સાથે ટક્કર થતી હોય

# નાના માચીયાળા બાયપાસ નજીક સર્કલની અતિ આવશ્યકતા

**અવારનવાર અકસ્માતની ઘટના બનતી હોવા છતાં માર્ગ–મકાન વિભાગને કોઈ ચિંતા નથી**

**નાના માચીયાળાનાં ગામજનો પણ સર્કલ બનાવવાની માંગ કરી ચુકયા છે**

**ટુ–વ્હીલરથી લઈને હેવી વાહનો પણ પસાર થતાં હોવાથી સતત અકસ્માતનો ભય જોવા મળે છે**

**માર્ગ સલામતીની બેઠકો વાતાનુકુલિન કચેરીમાં થતી હોય અધિકારીઓ ફિલ્ડ વર્ક કરે તો સાચી સમસ્યા જાણી શકાય**



અમરેલી, તા. ૧

અમરેલીનાં વરસડા માર્ગ ઉપર આવેલ વીર હમીરસિંહજી સર્કલથી નાના માચીયાળા તરફ જતાં બાયપાસ માર્ગનાં છેવાડે નાના માચીયાળાથી અમરેલી શહેર તરફ જતો માર્ગ પસાર થતો હોવાથી આ બંને માર્ગો ઉપર મોટા પ્રમાણમાં વાહનોની અવરજવર હોવાથી નાના માચીયાળા નજીક ત્રિભેટે સર્કલનાં અભાવે અવારનવાર અકસ્માતની ઘટના બની રહી છે.

નાના માચીયાળાનાં સ્થાનિક આગેવાનોએ જણાવ્યું હતું કે, આ ત્રિભેટે અવારનવાર અકસ્માત થતાં હોય સર્કલ બનાવવાની માંગ પણ કરવામાં આવી હોવા છતાં હજુ સુધી સર્કલ બનાવાયું નથી.

બાયપાસ માર્ગનું સંચાલન નેશનલ હાઈવે પાસે અને ત્રિભેટેથી શહેર સુધીનાં માર્ગનું સંચાલન સ્ટેટ માર્ગ–મકાન વિભાગનું હોય અને આ બંને સરકારી વિભાગ વચ્ચે સંકલન થાય તો જ સર્કલ બને તેમ છે.

જો માર્ગ–મકાન વિભાગ સર્કલ બનાવવા તૈયાર થાય તો કોઈ સંસ્થા કે વેપારી સમૂહલ સર્કલનું નિર્માણ પણ કરી આપશે. આ અંગે અમરેલીનાં યુવા ધારાસભ્ય કૌશિક વેકરિયા દરમિયાનગીરી કરે તેવી માંગ સૌ કોઈ કરી રહ્યાં છે.

### પહલગામનાં આંતકી હુમલાનાં શોકનો માહોલ વચ્ચે

## સાવરકુંડલા ખાતે ભાજપ દ્વારા ક્રિકેટ મહાસંગ્રામ નાવલી પ્રીમિયર લિંગનો પ્રારંભ

**સ્થાનિક કોંગી અગ્રણીએ ઘટનાને દુર્ભાગ્ય પૂર્ણ ગણાવી**

અમરેલી, તા.૧

ગત તારીખ ૨૨ એપ્રિલનાં રોક જમ્મુ – કાશ્મીરનાં પહલગામમાં આંતકી હુમલામાં ૨૬ લોકોના મૃત્યુ થયેલ છે જેમાંનાં ગુજરાતનાં ભાવનગર અને સુરતનાં આપના ગુજરાતી નો પણ ભોગ લેવાયેલ છે, ત્યારે સમગ્ર ભારત આ આંતકી હુમલા સામે આક્રોશ વ્યક્ત કરી રહ્યાં છે, ત્યારે પ.પુ મોરારિબાપુએ આ હુમલા બાદ તેમની રામાયણ કથાને વિરામ આપી અને રામયણ કથાને પૂર્ણાહુતિ જાહેર કરવામાં આવેલ છે ત્યારે, ભારતીય જનતા પાર્ટી દ્વારા જયારે સાવરકુંડલા શહેરમાં ક્રિકેટ મહાસંગ્રામ નાવલી પ્રીમિયર લિંગનું ઉદ્ઘાટન કરવામાં આવી રહ્યું છે. જાહેર રોડ રસ્તાઓ પર મોટા મોટા બેનરો અને

અનુસંધાન પાના ૬ ઉપર

### પહલગામમાં થયેલ આંતકી હુમલાને લઈને

## અમરેલીનાં નાગનાથ મંદિરનાં પટાંગણમાં પર્યટકોનાં મોક્ષાર્થે યજ્ઞ યોજાયો

**નાયબ દંડક, સાંસદ સહિતનાં આગેવાનો ઉપસ્થિત રહ્યા**

અમરેલી, તા. ૧

અમરેલીનાં નાગનાથ મંદિરનાં પટાંગણમાં આજે નરેન્દ્ર મોદી વિચારમંચ દ્વારા પહલગામમાં થયેલ આંતકી હુમલામાં મોતને ભેટેલ પર્યટકોનાં આત્માની શાંતી અર્થે યજ્ઞનું આોજન કરવમાં આવેલ.

આ કાર્યક્રમમાં સાંસદ સુતરીયા, નાયબ દંડક કૌશિક વેકરિા, વિચારમંચના મનીષ સિધ્ધપુરા સહિતને મૃતક આત્માને શ્રધ્ધાંજલી પાઠવી હતી.



## અમરેલીનાં અનાજ કરિયાણા રીટેઈલ એસો.નાં પ્રમુખ પદે પુન : ચતુરભાઈ અકબરી



અમરેલી, તા. ૧

અમરેલી ખાતે તાજેતરમાં અનાજ કરીયાણા રીટેઈલ મરચન્ટ એસોશીએશનની કારોબારી સભ્યોની મીટીંગ રાખવામાં આવેલ જેમાં વાર્ષિક હિસાબ રજુ કરેલ તેમજ પ્રવાસનાં આયોજનની ચર્ચા–વિચારણા કરવામાં આવેલ તેમજ પ્રમુખ–ચતુરભાઈ અકબરીની પ્રમુખ તરીકે બે વર્ષની મુદત પુરી થતા નવા પ્રમુખ તેમજ ઉપપ્રમુખ તેમજ મંત્રીની નિમણુંક કરવા મીટીંગ મળેલ જેમાં પ્રમુખ ચતુરભાઈ અકબરીએ રાજીનામુ આપતા તમામ કારોબારી સભ્યોએ નામંજુર કરતા ફરી પ્રમુખની જવાબદારી ચતુરભાઈને સોંપેલ છે. ચતુરભાઈ ૨૦ વર્ષથી થયા પ્રમુખની જવાબદારી સંભાળે છે તેમજ જુની બોડી યથાવત રાખવામાં આવેલ છે તેમજ ડિસ્ટ્રીકટ ચેમ્બરના કમીટી મેમ્બર સંજયભાઈ રામાણીનો જન્મદિવસ હોય તેમને પણ જન્મ દિવસની શુભેચ્છા પાઠવવામાં આવેલ.

### નાગરિક બેન્કનાં ચેરમેન હસુભાઈ પોપટની રજૂઆત

## બાબરામાં મર્કેન્ટાઈલ ક્રેડિટ કો.ઓપ.નો વહીવટ શંકાસ્પદ રીતે ચાલતો હોવાનો આક્ષેપ

**કો.ઓપરેટીવનાં સભાસદોમાં પણ નારાજગીનો માહોલ**

બાબરા, તા. ૧

બાબરામાં સહકારી સંસ્થા મરકન્ટાઈલ ક્રેડિટ કોપરેટીવનો વહીવટી ખુબજ શંકાશીલ રીતે થઈ રહ્યો હોવાથી સ્થાનિક સભાસદો દ્વારા મેનેજરને રૂબરૂ રજૂઆત કરી ઉગ્ર રોષ વ્યકત કર્યો હતો સભાસદો દ્વારા જણાવ્યું હતું કે અહીં મરકન્ટઈલ ક્રેડિટ ઓપરેટિવમાં વર્ષોથી પારદશક ચૂંટણી થતી નથી એક ચેરમેન તરીકે ડો. ચૌહાણ રહે છે ડિરેકટરની પસંદગી પણ ચેરમેન કરે છે અન્ય કોયને ઉભા રહેવા દેતા નથી તેમજ શેર સભાસદોમાં વરસાગત શેરને તબદીલ કરી આપતા નથી ભેટ સોગાદમાં ઈચ્છે તેને તેવા સભાસદોને ભેટ આપવામાં આવી રહી તેમજ વાર્ષિક સાધારણ સભામાં પણ પસંદગીના લોકોને બોલાવી પૂર્ણ કરી દેવામાં આવે છે ચૂંટણી બાબતે કોઈ અવાજ ઉઠાવે તો દબાવી દેવામાં આવે છે લોન આપવામાં પણ એકને ગોળ અને એક ખોલની નીતિ રાખવામાં આવી રહી છે કારણ કે રેગ્યુલર સભાસદોની જગ્યાએ મનપસંદ સભાસદો અને વ્હાલા સભાસદોને વધુમાન પાન અને તરત લોન આપી દેવામાં આવે છે જયારે રેગ્યુલર સભાસદો સામે નિયમો બતાવી લોનના મંજૂર કરવામાં આવે છે તેમજ અહીં કાર લોન પણ આપવામાં આવે પણ એ માત્ર એક વ્યક્તિ ને આપી કાર લોન બંધ કરી દેવામાં આવી છે કાર લોન કોને આપી? અને પાછળથી શા માટે બંધ કરી દેવામાં આવી તેનું કારણ આજદિન સુધી આપવમાં આવતું નથી.

મરકન્ટ ક્રેડીટ કોપરેટીવના સભાસદો રહીમ અજમેરી, સી.પી. મેર, હસુભાઈ પોપટ, રમેશભાઈ હદાણી, છાપરાજભાઈ વાળા, સંજય ડાભી, મનુભાઈ સૂચક સહિતના ૨૨ જેટલા સભાસદો દ્વારા ગંભીર આક્ષેપ કરવામા આવતા શહેરના સહકારી રાજકારણમાં ભારે ચર્ચાઓ જાગી છે.

અત્રે ઉલ્લેખનીય છે કે થોડા મહિનાઓ પેહલા આજ સહકારી સંસ્થાના ડિરેકટર મનોજભાઈ જોગી અને સુરેશભાઈ ભાલાળા દ્વારા સંસ્થામાં ચાલતી ગેરરીતિ અને ભ્રષ્ટાચારના આક્ષેપ કરી રાજીનામું આપી દીધેલ છે.

આ સંસ્થાના સભાસદ અને નાગરિક બેન્કના વર્તમાન ચેરમેન હસુભાઈ પોપટ દ્વારા જણાવ્યું હતુ કે મરન્ટલ ક્રેડીટ ઓપરેટિવમાં શંકાસ્પદ કામગીરી ઘણા વર્ષોથી થઈ રહી છે એકધારૂં અને મનસૂફી સાશન પણ થઈ રહ્યાં હોવાની વાતો પણ સ્થાનિક લેવલે સહકારી રાજકારણમાં જાણવા મળી છે સભાસદ તરીકે મેં રજુઆત કરી તો યોગ્ય પ્રત્યુતર કે સંતોષજનક જવાબ મળતો નથી નાગરિક બેન્કના ચેરમેન તરીકે જિલ્લા રજીસ્ટારને પણ રજુઆત કરી તપાસ કરવા જણાવ્યું છે અને ત્યાંથી અમોને અહીં શાખામાંથી માહિતી માટે જણાવ્યું હતું તેમ છતાં જાણે આ સહકારી સંસ્થા જાણે જિલ્લા રજીસ્ટારની મોટી હોય તેમ ગોળ ગોળ જવાબ આપી દે છે કોઈ સહકારી સંસ્થાનો આ રીતનો વહીવટ સભાસદો કે સંસ્થાના હિતમાં બિલકુલ નથી માટે તેની યોગ્ય અને તટસ્થતાથી તપાસ કરવામાં આવે તો ઘણું સત્ય બહાર આવે તેમ છે.

વધુમાં તેમણે જણાવ્યું હતું કે આ સંસ્થાનો ૧૨ વરસનો ઓડિટ રિપોર્ટ માંગવામાં આવેલ છે પણ આજ દિન સુધી આપવામાં આવેલ નથી તેમજ આ સંસ્થાના કર્મચારીઓ ને પણ ખૂબ અન્યાય કરવામાં આવી રહ્યો છે નિવૃત

અનુસંધાન પાના ૬ ઉપર

### રાજુલાનાં રીંગણિયાળા ગામે

## સાવરકુંડલાના યુવકનું ઈલેક્ટ્રીક શોર્ટ લાગવાથી મોત

**માત્ર ૨૫ વર્ષની વયે અંતિમવાટ પકડી**

અમરેલી, તા. ૧

સાવરકુંડલા ગામે આવેલ ખાદી કાર્યાલય પાસે રહેતા ઈમ્તિયાજભાઈ યુનુસભાઈ બેલીમ નામના ૨૫ વર્ષિય યુવક ગત તા.૨૯/૪ના રોજ સાંજે ૫ વાગ્યે રાજુલા તાલુકાના રીંગણિયાળા ગામે ભૂમિ ઓઈલ મીલ ખાતે કામ કરી રહયા હતા ત્યારે તેમને ઈલેકટ્રીક શોક લાગવાથી યુવકનું મોત નિપજયાનું ડુંગર પોલીસમાં જાહેર થવા પામેલ છે.







*પીઆરબી એકટ હેઠળ સમાચાર સંપાદન માટે જવાબદાર Publisher, Owner & Editor : *Manoj H. Rupareliya, Printed at Aajkaal Pri. Press,Rajputpara B/h Shell petrol Pump, Rajkot, Place of Publication Amreli Express, Under Hariom guest house, AMRELL.(Gujarat)